# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૭ * અંક-૧ * સપ્ટેમ્બર, ૨૦૨૨



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● હે ભગવન્ ! અમે અસંજ્ઞીની માફક હિત-અહિત, માર્ગ-અમાર્ગ, ધર્મ-અધર્મને જાણતા ન હતા, તે આપના ચરણકમળના આશ્રય વડે અમે અમારું હિત-અહિત, માર્ગ-અમાર્ગ, ધર્મ-અધર્મ જાણ્યા. માટે આપે અમને મન સહિત કર્યા.

વળી અમે અનાદિથી બહેરાની માફક હિત-અહિત સાંભળ્યું ન હતું, તે આપની કૃપાથી હિત-અહિત શ્રવણ કરીને હિત-અહિત જાણ્યું, માટે આપે અમને કાન સહિત કર્યા. વળી હે ભગવન્ ! અમે અનાદિથી સ્વ-પરનું સ્વરૂપ નહિ દેખવાથી અંધ સમાન હતા. તે આપના ચરણકમળનાં પ્રસાદથી અમે સર્વ પદાર્થોનું સ્વરૂપ જોયું, તેથી આપે અમને જ્ઞાન-નેત્ર સહિત કર્યા.

વળી હે ભગવન્ ! જેવી રીતે કોઈ માર્ગ ભૂલી જઈને ભયંકર વનમાં મરણતુલ્ય થઈને ભટકતો હોય તેમ અમે પણ અમારું હિત જે મોક્ષ તેનો માર્ગ ભૂલી, અનંતાનંતકાળથી મરણતુલ્ય થઈને સંસારમાં ભટકતા હતા. તેને આપે મોક્ષના માર્ગમાં એવી રીતે લગાવી દીધા કે જેથી ખેદ વગર અમે મોક્ષનગરમાં પહોંચી જઈશું. આવો સર્વોત્કૃષ્ટ ઉપકાર આપે અમારા પર કર્યો, હવે આપના વિયોગથી અમારી દશે દિશા શૂન્ય થઈ ગઈ—અંધકાર થઈ ગયો ! ૧૯૫૪.

(શ્રી શિવકોટિ આચાર્ય, ભગવતી આરાધના, ગાથા ૩૮૪નો ભાવાર્થ)

● ભવ્યજીવોંકો ઐસા વિચાર કરના ચાહિયે કિ મૈં સહજ શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ નિર્વિકલ્પ હૂં, ઉદાસીન હું, નિજાનંદ નિરંજન શુદ્ધાત્મ સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન ઔર સમ્યક્ચારિત્રરૂપ નિશ્ચયરત્નત્રયમયી નિર્વિકલ્પ સમાધિસે ઉત્પન્ન વીતરાગ સહજાનંદરૂપ આનંદાનુભૂતિમાત્ર જો સ્વસંવેદનજ્ઞાન ઉસસે ગમ્ય હૂં, અન્ય ઉપાયોંસે ગમ્ય નહીં હું, નિર્વિકલ્પ નિજાનંદ જ્ઞાનકર હી મેરી પ્રાપ્તિ હૈ, મૈં પૂર્ણ હું, રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ, પાંચોં ઈન્દ્રિયોંકે વિષય—વ્યાપાર, મન, વચન, કાય, દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ, ખ્યાતિ, પૂજા, લાભ, દેખે—સુને ઔર અનુભવે ભોગોંકી વાંછારૂપ નિદાનબંધ, માયા, મિથ્યા યે તીન શલ્યે ઈત્યાદિ પરિણામોંસે રહિત સબ પ્રપંચોંસે રહિત મૈં હૂં. તીન લોક તીન કાલમેં, મન વચન કાય કર, કૃત કારિત અનુમોદના કર, શુદ્ધ નિશ્ચયનયસે મૈં આત્મારામ ઐસા હૂં તથા સભી જીવ ઐસે હૈં. ઐસી સદૈવ ભાવના કરની ચાહિયે. ૧૯૫૬.(શ્રી પરમાત્મપ્રકાશ, ટીકાકારનું અંતિમ કથન)

વર્ષ–૧૭
અંક–૧

વિ. સંવત ૨૦૭૮
September
A.D. 2022




## પર્વાધિરાજ પર્યુષણ પર્વ




(તા. ૩૧-૮-૨૦૨૨ થી તા. ૯-૯-૨૦૨૨ પર્યુષણ પર્વ છે, આ સંયમની આરાધનાના દિવસો છે. મુખ્યરૂપથી સમ્યગ્દર્શનપૂર્વક મુનિ ભગવંતોને આ દસ ધર્મ હોય છે. ગૌણરૂપથી ચોથા અને પાંચમા ગુણસ્થાનવર્તી જ્ઞાનીઓને તથા ભાવનારૂપથી મુમુક્ષુઓને પણ આ ધર્મ હોય છે. આ દસ ધર્મનું સ્વરૂપ ભગવાન કાર્તિકેયસ્વામી કૃત દ્વાદશ અનુપ્રેક્ષામાં ગાથા ૩૯૪ થી ૪૦૩માં આ દસ ધર્મોનું વર્ણન કરવામાં આવેલ છે.)

**ઉત્તમ ક્ષમા ધર્મ** : જે મુનિ દેવ, મનુષ્ય અને તિર્યંચો દ્વારા રૌદ્ર ભયાનક ઘોર ઉપસર્ગ થવા છતાં પણ ક્રોધથી તપ્તાયમાન ન થાય તે મુનિને નિર્મલ ક્ષમા હોય છે.

**ઉત્તમ માર્દવ ધર્મ** : જે મુનિ ઉત્તમજ્ઞાનથી તો પ્રધાન હોય તથા ઉત્તમ તપશ્ચરણ કરવાનો જેનો સ્વભાવ હોય તોપણ પોતાના આત્માને મદરહિત કરે—અનાદરરૂપ કરે તે મુનિને ઉત્તમ માર્દવધર્મરત્ન હોય છે.

**ઉત્તમ આર્જવ ધર્મ** : જે મુનિ મનમાં વક્રતા ન ચિંતવે, કાયાથી વક્રતા ન કરે, વચનથી વક્રતા ન બોલે તથા પોતાના દોષોને ગોપવે નહિ—છુપાવે નહિ તે મુનિને ઉત્તમ આર્જવ ધર્મ હોય છે.

**ઉત્તમ શૌચ ધર્મ** : જે મુનિ સમભાવ અર્થાત્ રાગ-દ્વેષ રહિત પરિણામ અને સંતોષ અર્થાત્ સંતુષ્ટભાવરૂપ જળથી તૃષ્ણા તથા લોભરૂપ મળસમૂહને ધોવે છે, ભોજનની ગૃદ્ધિ અર્થાત્ અતિ ચાહનાથી રહિત છે. તે મુનિનું ચિત્ત નિર્મળ છે, અને તેને ઉત્તમ શૌચધર્મ હોય છે.

જીવ એક-દ્વિ-ત્રિ-ચતુર્-પંચેન્દ્રિય, બાદર, સૂક્ષ્મ ને
પર્યાપ્ત આદિ નામકર્મ તણી પ્રકૃતિ છે ખરે. ૬૫.

**પરમાગમ શ્રી સમયસાર**

**ઉત્તમ સત્ય ધર્મ** : જે મુનિ જિનસૂત્ર-અનુકૂળ જ વચન કહે, વળી તેમાં જે આચારાદિ કહ્યાં છે તે પાલન કરવામાં પોતે અસમર્થ હોય તોપણ અન્ય પ્રકારથી ન કહે, વ્યવહારથી પણ અલીક એટલે અસત્ય ન કહે તે મુનિ સત્યવાદી છે અને તેને જ ઉત્તમ સત્યધર્મ હોય છે.

**ઉત્તમ સંયમ ધર્મ** : જે મુનિ, જીવોની રક્ષામાં તત્પર વર્તતો થકો, ગમનાગમન આદિ સર્વ કાર્યોમાં તૃણનો છેદમાત્ર પણ ન ઈચ્છે, ન કરે તે મુનિને ઉત્તમ સંયમધર્મ હોય છે.

**ઉત્તમ તપ ધર્મ** : જે મુનિ આલોક-પરલોકના સુખની અપેક્ષારહિત તથા સુખ-દુઃખ, શત્રુ-મિત્ર, તૃણ-કંચન અને નિંદા-પ્રશંસાદિમાં રાગ-દ્વેષ-રહિત સમભાવી થઈ અનેક પ્રકારનો કાયક્લેશ કરે છે, તે મુનિને નિર્મલ અર્થાત્ ઉત્તમ તપધર્મ હોય છે.

**ઉત્તમ ત્યાગ ધર્મ** : જે મુનિ મિષ્ટ ભોજન છોડે, રાગ-દ્વેષને ઉપજાવવાવાળાં ઉપકરણોનો ત્યાગ કરે તથા મમત્વના કારણરૂપ વસતિકાનો ત્યાગ કરે, તે મુનિને (ઉત્તમ) ત્યાગધર્મ હોય છે.

**ઉત્તમ આકિંચન્ય ધર્મ** : જે મુનિ મન-વચન-કાય-કૃત-કારિત-અનુમોદનાપૂર્વક સર્વ ચેતન-અચેતન પરિગ્રહનો સર્વથા ત્યાગ કરે છે—કેવો થતો થકો ? લોકવ્યવહારથી વિરક્ત થતો થકો ત્યાગ કરે છે—તે મુનિને નિર્ગ્રંથપણું હોય છે.

**ઉત્તમ બ્રહ્મચર્ય ધર્મ** : જે મુનિ સ્ત્રીઓની સંગતિ ન કરે, તેમના રૂપને ન નીરખે, કામની કથા તથા 'આદિ' શબ્દથી તેના સ્મરણાદિથી રહિત હોય, એ પ્રમાણે મન-વચન-કાય, કૃત-કારિત-અનુમોદના એમ નવ પ્રકારથી તેનો ત્યાગ કરે, તે મુનિને ઉત્તમ બ્રહ્મચર્યધર્મ હોય છે.

---

(અનુસંધાન પેજ નં. ૨૦ થી ચાલુ) (અનુભવપ્રકાશ પ્રવચન)

તારું જ્ઞાન કેવું? કે જે સ્વભાવની હયાતીએ બધું જણાય છે, જગતનું અસ્તિત્વ જ્ઞાને નક્કી કર્યું છતાં જ્ઞાન પોતાનો નકાર કરે છે. તને લાજ આવતી નથી? અમને આત્મા ન સમજાય—એમ કહેતાં શરમ આવતી નથી? સંસારની વાતો કરવામાં ડાહ્યો છે, પણ પોતાને જાણવામાં શઠ છે, તારી અવળાઈને લીધે તે હઠ પકડી છે. દર્શનમોહનીયકર્મ નડે છે એ વાત લીધી નથી. ધિઠાઈ (લજ્જારહિત, જિદ્દીપણું.) પકડી પકડીને તને પરનું વ્યસન થયું છે પણ આત્માનાં સ્વભાવની રુચિ કરતો નથી.

માટે આત્માના સ્વભાવની રુચિ કરવી તે ધર્મ છે. (ક્રમશઃ) ❊

**પ્રકૃતિ આ પુદ્‌ગલમયી થકી કરણરૂપ થતાં અરે,**
**રચના થતી જીવસ્થાનની જે, જીવ કેમ કહાય તે? ૬૬.**




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૨, શુક્રવાર) (ગાથા ૪૦)

ક્ષાયિકભાવ વિકારરહિત સંપૂર્ણ શુદ્ધ છે; પરંતુ તે નિરપેક્ષ સ્વભાવરૂપ ભાવ નથી. જેમ ધર્માસ્તિકાયનો પર્યાય તો ત્રણે કાળે એકરૂપ છે તેમ ક્ષાયિકભાવ નથી, ક્ષાયિકભાવ તો નવો પ્રગટે છે, તે સાદિ-અનંત છે. તે ક્ષાયિકભાવ સિવાયનો એક નિરપેક્ષભાવ જો વર્તમાન ન હોય તો દ્રવ્ય જ સિદ્ધ થાય નહિ. તે નિરપેક્ષપર્યાયરૂપ ભાવ વર્તમાન-વર્તમાન સત્‌રૂપ વર્તે છે; તે ભાવનો અનુભવ થતો નથી પણ ઉત્પાદરૂપ ભાવનો અનુભવ થાય છે.

વસ્તુ અને ગુણ તો સામાન્યરૂપ છે અને તેના જેવું જ તેનું વર્તમાન વર્તે છે તે વિશેષરૂપ છે, તે સદા નિર્મળરૂપ છે. વર્તમાનમાં જ જો નિર્મળતા નહિ વર્તતી હોય તો નિર્મળસ્વભાવ ટકશે ક્યાં ? તે ધ્રુવરૂપ નિર્મળભાવ વર્તમાન શક્તિરૂપ છે, તેમાં પ્રગટ કે અપ્રગટ એવા બે ભેદ નથી. પ્રગટ અને અપ્રગટરૂપ ભેદ તો ઉત્પાદપર્યાયમાં (ઔદયિકાદિ ચાર ભાવોમાં) હોય છે. બધા જીવોને ત્રણેકાળે એકરૂપ ધ્રુવપર્યાય વર્તે છે. 'ધ્રુવપર્યાય' કહેવાય છતાં તે વ્યવહારનયનો વિષય નથી પણ નિશ્ચયનયનો વિષય છે, તે દ્રવ્યથી સદા અભેદરૂપ છે, તેમાં વ્યક્ત કે અવ્યક્ત એવા ભેદ નથી. આ ધ્રુવપર્યાય શક્તિરૂપ છે, ને સિદ્ધપર્યાય વગેરે ભાવો વ્યક્તિરૂપ છે.

પોતાના સ્વભાવની અપેક્ષાએ સમસ્ત પ્રકારે પરિણમેલો ભાવ તે પારિણામિકભાવ છે. આખી વસ્તુ વર્તમાન-વર્તમાનરૂપ વર્તે છે. સ્વભાવ કાયમ રહીને વર્તમાન પર્યાયમાં નમેલો ભાવ તે પારિણામિકભાવ છે. પારિણામિકભાવ એટલે સહજ સ્વાભાવિકભાવ, ત્રિકાળએકરૂપ ભાવ, ધ્રુવરૂપ પર્યાય, પરની અપેક્ષા વગરનો પરિપૂર્ણ ભાવ; શ્રી સમયસારમાં જેને 'જ્ઞાયકભાવ' તરીકે વર્ણવ્યો છે તે પણ આ જ છે.

ઉત્પાદપર્યાય એક સમયપૂરતો જ હોય છે. વર્તમાન જે પર્યાય છે તે એક સમયપૂરતો છે, બીજા સમયે તેનો વ્યય થઈ જાય છે. પરંતુ, આ પારિણામિકભાવ પર્યાયરૂપ હોવા છતાં તે પર્યાય ઉત્પાદ-વ્યયરૂપ નથી પણ ધ્રુવરૂપ છે. વસ્તુ કાંઈ ભૂતકાળમાં રહી જતી નથી પણ

પર્યાપ્ત અણપર્યાપ્ત, જે સૂક્ષ્મ અને બાદર બધી
કહી જીવસંજ્ઞા દેહને તે સૂત્રમાં વ્યવહારથી. ૬૭.

આખી વસ્તુ વર્તમાનમાં જ વર્તે છે. આખી વસ્તુ પોતાનું વર્તમાનપણું રાખીને જ ટકે છે. જેવી વસ્તુ છે તેવું જ પૂરું તેનું વર્તમાન વર્તે છે, તે વર્તમાનને ધ્રુવપર્યાય કહેવાય છે. તે ધ્રુવપર્યાય વર્તમાન-વર્તમાન કરીને અનાદિઅનંત એકરૂપ છે.

ક્ષાયિકભાવ આત્માની શુદ્ધદશા છે; આત્માની શુદ્ધદશા સાદિઅનંત છે, પરમાણુમાં શુદ્ધદશા સાદિ-સાંત છે, અર્થાત્ પરમાણુ એકવાર શુદ્ધ થયા પછી પાછો અશુદ્ધ થાય છે—એક વાર સ્કંધથી છૂટો પડ્યા પછી પાછો સ્કંધમાં ભળે છે,—એવો તેનો સ્વભાવ છે. પરંતુ આત્મા એકવાર સંપૂર્ણ શુદ્ધદશારૂપે પરિણમ્યા પછી ફરી કદી અશુદ્ધ થતો નથી, એક વાર કર્મનો સર્વથા ક્ષય થયા પછી ફરી કદી કર્મનો સંયોગ થતો નથી. આત્મા પર્યાય વગરનો ક્યારેય હોઈ શકે નહિ, કાં સિદ્ધદશા ને કાં સંસારદશા—બેમાંથી એક અવસ્થા તો દરેક સમયે ઉત્પાદરૂપ હોય જ. પરંતુ અહીં એમ સમજાવવું છે કે, તે સિદ્ધદશા કે સંસારદશા જેટલું આત્મદ્રવ્ય નથી, તે પર્યાય વખતે જ આખો ધ્રુવસ્વભાવ એકરૂપ છે, તે ત્રિકાળી આત્મદ્રવ્ય છે. જોકે, સિદ્ધદશા કે સંસારદશા તે પણ આત્માની જ અવસ્થાઓ છે, પરંતુ તેમાં પરની અપેક્ષા આવે છે. સંસારદશામાં કર્મના સદ્‌ભાવની અપેક્ષા છે ને સિદ્ધદશામાં કર્મના અભાવની અપેક્ષા છે; અને તે એક અવસ્થાથી આત્માનું આખું સ્વરૂપ જણાતું નથી. આત્મસ્વભાવનું વર્તમાન જે સદાય એકસરખું જ વર્તે છે તે પારિણામિકભાવ છે, તેનાથી આખું આત્મસ્વરૂપ જણાય છે, તેથી તે જ ઉપાદેય છે.

### ટીકા

કર્મોના ક્ષય વખતે થાય છે તે ક્ષાયિકભાવ છે, કર્મોના ક્ષયોપશમ વખતે થાય છે તે ક્ષાયોપશમિકભાવ છે, કર્મના ઉદય વખતે થાય છે તે ઔદયિકભાવ છે, કર્મોના ઉપશમ વખતે થાય છે તે ઔપશમિકભાવ છે અને સકળ કર્મ—ઉપાધિથી રહિત પરિણામમાં થાય છે તે પારિણામિકભાવ છે.

ઔદયિકાદિ ચાર વિભાવસ્વભાવો જીવમાં નથી એટલે કે તે ચાર ભાવો રહિત જે પારિણામિકસ્વભાવભાવ છે તે જીવનું ત્રિકાળી સ્વરૂપ છે—એમ અહીં બતાવ્યું છે. આત્માના સહજસ્વભાવમાં બંધમોક્ષની ક્રિયા નથી, બંધ અને મોક્ષની અપેક્ષા રહિત જે સહજસ્વરૂપ છે તેને પારિણામિકભાવ કહ્યો છે; આ ભાવ બધા જીવોને એકસરખો સદાય છે, તે જ શુદ્ધ જીવતત્ત્વ છે. એની ઓળખાણ ને શ્રદ્ધાથી ધર્મ થાય છે.

કર્મનો ક્ષય થતાં આત્માનો જે ભાવ ઉત્પન્ન થાય તે ક્ષાયિકભાવ છે. જેમ કે

મોહનકરમના ઉદયથી ગુણસ્થાન જે આ વર્ણવ્યાં,
તે જીવ કેમ બને, નિરંતર જે અચેતન ભાખિયાં? ૬૮.

અનંતાનુબંધી કષાયની ચાર તથા દર્શનમોહનીયની ત્રણ કર્મપ્રકૃતિઓનો ક્ષય થતાં આત્મામાં ક્ષાયિકસમ્યક્ત્વ પ્રગટે છે, તે ક્ષાયિકભાવ છે. આ ભાવ આત્માના ત્રિકાળ સ્વભાવરૂપ નથી પણ એક સમયના પર્યાયરૂપ છે.

કર્મના ક્ષયોપશમ વખતે આત્મામાં જે ભાવ હોય તેને ક્ષાયોપશમિકભાવ કહેવાય છે. આ ભાવ કાંઈક નિર્મળ અને કાંઈક મલિનતાવાળો છે. જેમ કે દર્શનમોહનીયાદિકર્મની સાતમાંથી છ પ્રકૃતિઓનો અનુદયરૂપ ઉપશમ, સમ્યક્ત્વમોહનીય પ્રકૃતિના દેશઘાતિ સ્પર્દ્ધકોનો ઉદય અને છ પ્રકૃતિઓનાં સર્વઘાતિ સ્પર્દ્ધકોનો ઉદયાભાવી ક્ષય હોય તે વખતે આત્મામાં ક્ષયોપશમસમ્યક્ત્વ હોય છે. આ ભાવ પણ આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી પણ એક સમયપૂરતો ભાવ છે.

કર્મના ઉદય વખતે આત્મામાં જે વિકારીભાવો હોય તે ઔદયિકભાવ છે. કર્મનો ઉદય કાંઈ વિકાર કરાવતો નથી પણ જીવના પર્યાયમાં વિકાર થાય ત્યારે કર્મનો ઉદય નિમિત્તરૂપ હોય છે તેથી તેને ઔદયિકભાવ કહેવાય છે. જેમ કે મિથ્યાત્વકર્મના ઉદય વખતે આત્માનો જે મિથ્યાત્વભાવ હોય છે તે ઔદયિકભાવ છે. હું મનુષ્ય છું, હું દેવ છું, હું નારકી છું—એવી માન્યતા તથા રાગ—દ્વેષ તે ઔદયિકભાવો છે, વિકાર છે. આ ભાવ એક સમય પૂરતો વિકાર છે, તે આત્માનું સ્વરૂપ નથી.

કર્મના ઉપશમ વખતે આત્મામાં ઔપશમિકભાવ હોય છે. જેમ શાંત પાણીમાં કાદવ ઠરી ગયો હોય અને પાણી વર્તમાનમાં સ્વચ્છ હોય, તેમ કર્મો વર્તમાન ઉદયરૂપ ન હોય પણ સત્તામાં રહ્યા હોય અને તે વખતે આત્મામાં વર્તમાન નિર્મળભાવ પ્રગટ્યો હોય પણ વિકારની યોગ્યતા સર્વથા ટળી ન હોય તેને ઔપશમિકભાવ કહેવાય છે. જેમ કે દર્શનમોહની સર્વ પ્રકૃતિના ઉપશમ વખતે આત્મામાં ઔપશમિક સમ્યગ્દર્શન હોય છે. આ ભાવ નિર્મળપર્યાય છે પરંતુ તે આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૧૪ થી ચાલુ) (ઈષ્ટોપદેશ પ્રવચન)

અતીન્દ્રિય આનંદસ્વરૂપ નિજ આત્મામાં એકાગ્રતા કરવાવાળો જીવ સ્વતઃ પોતામાં એકાગ્રતા કરે છે. સ્વતઃ સેવા કરે છે. તેમાં તેને અન્ય દ્રવ્યોની મદદની જરૂર નથી. અન્ય દ્રવ્યો જ્ઞાનમાં જણાય તો ભલે જણાય પણ તે મને જરાય હિતકારક નથી. આવો પહેલાં નિર્ણય જોઈશે, નિર્ણયની ભૂમિકા યથાર્થ થયા વિના હિતનો પંથ આવે તેમ નથી. માટે પ્રથમ યથાર્થ નિર્ણય કરો... (ક્રમશઃ) ❋

**આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં,**
**ક્રોધાદિમાં સ્થિતિ ત્યાં લગી અજ્ઞાની એવા જીવની. ૬૯.**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે 'જ્ઞાન જીવના પ્રદેશોમાં રહીને જ સર્વને જાણે છે' એમ કહે છે :–

**णाणं ण जादि णेयं णेयं पि ण जादि णाणदेसम्मि ।**
**णियणियदेसठियाणं ववहारो णाणणेयाणं ॥२५६॥**

અર્થ :—જ્ઞાન છે તે જ્ઞેયમાં જતું નથી તથા જ્ઞેય પણ જ્ઞાનના પ્રદેશોમાં આવતાં નથી; પોતપોતાના પ્રદેશોમાં રહે છે, તો પણ જ્ઞાન તથા જ્ઞેયમાં જ્ઞેય-જ્ઞાયક વ્યવહાર છે.

ભાવાર્થ :—જેમ દર્પણ પોતાના સ્થાને છે અને ઘટાદિક વસ્તુ પોતાના સ્થાને છે, છતાં દર્પણની સ્વચ્છતા એવી છે કે જાણે ઘટ દર્પણમાં આવીને જ બેઠો હોય! એ જ પ્રમાણે જ્ઞાન-જ્ઞેયનો વ્યવહાર જાણવો.

જ્ઞાન જીવના પ્રદેશોમાં રહીને જ બધું જાણે છે—એમ હવે કહે છે.

જુઓ, આમાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ, ચારેય બોલને સમાડી દીધા છે.

૧. જીવ, તે દ્રવ્ય છે.

૨. જ્ઞાન, તે એનો સ્વભાવ છે.

૩. તેના અસંખ્યાત પ્રદેશ, ક્ષેત્ર છે અને

૪. સમસ્ત પદાર્થોને જાણવાનું કાર્ય પર્યાયમાં થાય છે, તે તેનો કાળ છે.

તાત્પર્ય એ છે કે જીવ પોતાના જ સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં રહીને જાણવાનું કાર્ય કરે છે. જ્ઞાન, સમસ્ત જ્ઞેયોને જાણે છે, પરંતુ સ્વયં જ્ઞેયોમાં જાતું નથી; સ્વયં પોતામાં રહીને જ સમસ્ત જ્ઞેયોને જાણે છે—એવા આત્મામાં એકાગ્ર થવાથી કેવળજ્ઞાન થાય છે. કેવળજ્ઞાન પોતાનો સ્વભાવ છે. તે કેવળજ્ઞાન માટે કાંઈ બાહ્યમાં એકાગ્ર થવું પડતું નથી. પણ પોતાના અસંખ્યાત પ્રદેશી સ્વદ્રવ્યમાં એકાગ્રતાથી જ કેવળજ્ઞાન થાય છે. અનંત જીવ, આત્મામાં એકાગ્ર થઈને કેવળજ્ઞાની થઈ ગયા છે. કેવળજ્ઞાની સમસ્ત સ્વ-પરને જાણે છે. પરને જાણવાવાળું જ્ઞાન પણ નિશ્ચયથી તો પોતાનું છે પણ પરને જાણે

**જીવ વર્તતાં ક્રોધાદિમાં સંચય કરમનો થાય છે,**
**સહુ સર્વદર્શી એ રીતે બંધન કહે છે જીવને. ૭૦.**

છે—એમ કહેવું વ્યવહાર છે. તેનો અર્થ એમ ન સમજવો કે જ્ઞાન પરને જાણતું નથી. હકીકતમાં જ્ઞાનનો સ્વભાવ, નિશ્ચયથી સ્વ-પરપ્રકાશક છે, સ્વ-પર પ્રકાશકપણું કાંઈ વ્યવહાર નથી.

કેવળજ્ઞાન કેવું છે? સ્વક્ષેત્રના વિસ્તાર પ્રમાણ કેવળજ્ઞાન છે. કેવળજ્ઞાન કાંઈ સ્વક્ષેત્રથી બહાર નીકળીને જાણતું નથી. કેવળજ્ઞાનનું સામર્થ્ય કેટલું? લોકાલોકને જાણે એટલું, પરંતુ તેનું ક્ષેત્ર તો સ્વદ્રવ્ય પ્રમાણ જ છે. કાળ, એક સમયનો જ છે. દ્રવ્યનો કાળ ત્રિકાળ અનાદિ-અનંત છે અને કેવળજ્ઞાન પર્યાયનો કાળ એક સમયમાત્ર છે. આહા! કેવળજ્ઞાન અનંત-અનંત અલોકક્ષેત્રને પણ જાણ્યા વગર રહેતો નથી, તોપણ સ્વક્ષેત્રને છોડતું નથી. ભાઈ! કેવળજ્ઞાનનો અચિંત્ય મહિમા છે, વાણી અને વિકલ્પથી તેના મહિમાનું વર્ણન નથી કરી શકાતું, માટે અલખ છે. જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતાથી જ તેનો પાર પામી શકાય છે.

જુઓ આ જ્ઞાનસ્વભાવ! જેને આવા જ્ઞાનની મહિમા આવે છે, તે રાગ અને પરપદાર્થોની એકાગ્રતાથી છૂટીને સ્વભાવમાં એકાગ્ર થાય છે, એનું નામ ધર્મ છે. જુઓ, કોઈ એમ કહે કે આત્માની વધારે મહિમા કરવા માટે તેના અસંખ્યાત પ્રદેશી ને બદલે અનંતપ્રદેશી કહીએ તો શું આપત્તિ છે? આ વાત ખોટી છે. ક્ષેત્રની વિશાળતાથી આત્માની મહિમા માનવાવાળો સ્થૂળદષ્ટિ છે, તેને સ્વભાવની મહિમાની ખબર નથી. આત્માનું ક્ષેત્ર અસંખ્યાત પ્રદેશી હોવા છતાં અનંત સ્વભાવસામર્થ્યથી ભરપૂર છે. અસંખ્યપ્રદેશી હોવા છતાં અનંત અલોકને પાર પામી જાય છે—આવો તેનો બેહદ સ્વભાવ છે. તે સ્વભાવના માહાત્મ્યથી આત્માની મહિમા છે. જેમ સેકેરીનનું ક્ષેત્ર નાનું હોવા છતાં પણ તેમાં ખાંડથી વધારે ગળપણ છે; ત્યાં લોકો ક્ષેત્રને નહિ પરંતુ સ્વભાવને જુએ છે. તે પ્રમાણે આત્માનું ક્ષેત્ર મર્યાદિત હોવા છતાં તેનો જ્ઞાનસ્વભાવ અચિંત્ય અમર્યાદિત સામર્થ્યવાળો છે. તેનાથી તેની મહિમા છે. ક્ષેત્રસ્વભાવ આકાશનું છે. આકાશ અનંત પ્રદેશી છે અને પરમાણુ એકપ્રદેશી છે. બંનેના ક્ષેત્રમાં અનંતગણું અંતર હોવા છતાં બંને પોત-પોતાના અસ્તિત્વથી પરિપૂર્ણ છે. જેવું અસ્તિત્વ આકાશમાં છે, તેવું જ પરિપૂર્ણ અસ્તિત્વ પરમાણુમાં છે—એવો જ તેનો સ્વભાવ છે. જેટલા ગુણ આકાશમાં છે તેટલા જ પરમાણુમાં છે. તાત્પર્ય એ છે કે અનંત સ્વભાવને માટે અનંત ક્ષેત્રની આવશ્યકતા નથી. પરમાણુનો પણ અચિંત્ય સ્વભાવ છે.

આ જીવ જ્યારે આસ્રવોનું તેમ નિજ આત્મા તણું
જાણે વિશેષાંતર, તદા બંધન નહીં તેને થતું. ૭૧.

જુઓ, આત્માને અનંત-અનંત કાળને જાણવામાં થોડો સમય લાગે છે અને નાના ક્ષેત્રમાં રહેવા છતાં અનંત ક્ષેત્રને જાણી લે છે. ક્ષેત્રની અધિકતાથી જ્ઞાનસ્વભાવની મહિમા નથી. જેમ હાથી વિશાળકાય હોવા છતાં અલ્પજ્ઞાની છે. અને મનુષ્ય સાડા ત્રણ હાથનો હોવા છતાં તેનામાં અધિક જ્ઞાન હોય છે. તે અસંખ્ય ભવોને પણ જાણી લે છે. માટે ક્ષેત્રની વિશાળતાથી જ્ઞાનની મહિમા નથી. અહો ! આવા અચિંત્ય જ્ઞાનસ્વભાવને ઓળખે તો સ્વભાવસન્મુખ એકાગ્રતાથી કેવળજ્ઞાન થયા વગર રહેતું નથી એટલે કે જરૂર કેવળજ્ઞાનને પામે છે.

જુઓ, જ્ઞાન કર્તા હોવા છતાં પરનું કાર્ય કરે—એવો વ્યવહાર નથી પરંતુ જ્ઞાન પરને જાણે, તે વ્યવહાર છે. પરજ્ઞેયની ઉપસ્થિતિ હોવા છતાં, જ્ઞાનમાં પ્રવેશીને જાણતું નથી અને તે પદાર્થ પણ જ્ઞાનમાં પ્રવેશતું નથી, અલગ રહીને જ જ્ઞાન તેને જાણે છે. જેમ જ્ઞાન અગ્નિને જાણે છે પરંતુ જ્ઞાનમાં ઉષ્ણતા આવતી નથી. આત્મા લાડવાને જાણે છે પણ લાડવાનો રસ આત્મામાં આવતો નથી અને લાડવાના કારણે જ્ઞાન થતું નથી. જ્ઞાનનો પોતાનો સ્વભાવ જાણવાનો છે—એમ જ્ઞાનની પ્રતીતિ કરે તો પરજ્ઞેયના આશ્રયની બુદ્ધિ છૂટી જાય છે અને જ્ઞાનસ્વભાવની દૃષ્ટિ થઈને તેમાં એકાગ્રતા થાય છે—આ જ ધર્મ છે. જ્ઞાનસ્વભાવને જાણીને તેમાં એકાગ્રતા થાય છે—આ ભાવના-અનુપ્રેક્ષા છે.

જુઓ, જ્ઞાનનું જ્ઞેયોની સાથે જાણવાનો સંબંધ છે પણ તેને ગ્રહણ-ત્યાગ કરવાનો સંબંધ નથી. જેમ, કોઈ અનાર્યને ત્યાં માંસ બનાવેલ હોય તો તેને આર્ય મનુષ્ય જાણે છે એટલો જ સંબંધ છે પણ તેને ગ્રહણ કરે—એવો સંબંધ ક્યારેય નથી; આ પ્રમાણે જગતના જ્ઞેયપદાર્થ જેમ છે, તેમ જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે—એવો જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે પરંતુ પરના ગ્રહણ-ત્યાગનો સંબંધ નથી. જો જીવને આવા જ્ઞાનસ્વભાવની પ્રતીતિ થાય તો પરને ગ્રહણ-ત્યાગ કરવાનું અભિમાન છૂટીને જ્ઞાનમાં એકાગ્રતા થાય છે અને વીતરાગભાવ પ્રગટ થાય છે, જે ધર્મ છે.

આ પ્રમાણે કેવળજ્ઞાન પરિપૂર્ણ જાણવાના સ્વભાવવાળું છે, તેનું અચિંત્ય સામર્થ્ય છે—તે બતાવવામાં આવ્યું છે. (ક્રમશઃ) ❋

**અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,**
**વળી જાણીને દુખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૨૧, ગાથા - ૨૨)

## તારા પરમેશ્વરને તું દૂર ન દેખ તારો પરમેશ્વર તારી પાસે જ છે

અતીન્દ્રિય આનંદથી ઘડાયેલા આત્મ ડુંગરમાં જવાનો રસ્તો એક જ છે. પોતે પોતાના મહિમાવંત સ્વભાવનો વિશ્વાસ લાવી સ્વસંવેદન પ્રગટ કરવું તે એક જ માર્ગ છે. રાગ, વિકલ્પ આદિ તો મારા સ્વરૂપમાં નથી પણ અપૂર્ણતા પણ મારા સ્વરૂપમાં નથી. અપૂર્ણ પર્યાય જેવડું મારું સ્વરૂપ નથી. કહે છે ને 'રણે ચડ્યા રજપૂત છૂપે નહિ દાતા છૂપે નહિ ઘેર માગણ આયા' ભગવાન કહે છે કે તું આખો આત્મા માગી લેજે એટલે કે સ્વીકારી લેજે. અધૂરી પર્યાય જેટલો જ તને ન માની લઈશ.

અનંત જ્ઞાનીઓ વાત કહેતા આવ્યા છે, કહે છે અને ભવિષ્યમાં પણ આમ જ કહેશે. જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જ દર્શાવે ને ! 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ' કુદરતી સ્વભાવ છે તેમાં કોણ ફેરફાર કરી શકે ? સ્વતઃ સિદ્ધ અચિંત્ય નિજ આત્મ-સ્વરૂપ પોતાથી જ પોતાને જણાય એવું તત્ત્વ છે, એવો પહેલાં વિશ્વાસ કરવો પડશે ભાઈ ! જ્ઞાનીની વ્યાયામશાળામાં તું કદી આવ્યો નથી. જ્ઞાનીની કસરત કોઈ જુદી જાત છે.

આત્મા પોતે પોતાને જાણે અને પરને પણ જાણે એવો આત્માનો સ્વતઃસ્વભાવ છે. તેથી જાણવાના કાર્યમાં તેને અન્ય કોઈ સાધનોની જરૂર નથી. આત્મા આત્માને આત્માથી આત્મામાં જાણી લે છે તેમાં તેને કોઈની મદદની જરૂર નથી. છતાં નિમિત્તની જરૂર છે એમ કહેનાર પોતે પોતાને પાંગળો ઠરાવે છે પણ ખરેખર સ્વભાવના સાધન માટે અન્ય કોઈ નિમિત્તોની આવશ્યકતા નથી.

અનાદિથી વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું જ ભગવાને બતાવ્યું છે, કાંઈ નવું ઉપજાવ્યું નથી. આત્માથી આત્માને ધ્યાવનારા જ્ઞાનીને શુભભાવ પણ આવે છે પણ તેની તેને કિંમત નથી. અજ્ઞાનીને એ શુભભાવમાં હોંશ આવે છે, મહિમા આવે છે. જ્ઞાની તેને સ્વભાવનું સાધન માનતા નથી તેથી જ્ઞાનીને તેમાં હોંશ પણ આવતી નથી.

સ્વભાવને સાધવા માટે કાંઈક સ્વનું સાધન અને કાંઈક પરનું સાધન માનનારાને આ એકલું સ્વભાવનું સાધન એકાંત લાગે. પણ આ એકાંત નથી, સમ્યક્ એકાંત છે. જ્યાં

**છું એક, શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩.**

જ્ઞાન છે ત્યાં જ તેનું જ્ઞાન થાય છે, તેમાં પરના કે નિમિત્તના સાધનની અપેક્ષા નથી. નિમિત્તમાં જ્ઞાન નથી. જ્ઞાન આત્મામાં છે. જ્ઞાન જ્યાં હોય ત્યાં જ તેનું જ્ઞાન થાય. તેથી આત્માથી જ જ્ઞાન થાય છે.

પરમાર્થથી દરેક આત્મા પોતાના સ્વરૂપથી રહેલો છે. તેથી આત્માના દરેક ભાવોનો આધાર આત્મા છે. સ્વભાવનો આધાર સ્વભાવ છે. માટે સ્વભાવની પ્રાપ્તિ પણ સ્વભાવથી છે. વ્યવહાર, રાગાદિ આત્માનો આધાર નથી. તેનાથી સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી. તેથી મોક્ષાર્થીને ઉચિત છે કે તે પાંચ ઈન્દ્રિયને સંયમમાં રાખી આત્માથી આત્માને ધ્યાવે.

## પ્રભુ ! તારી પ્રભુતાનો વિશ્વાસ કર !

શ્રી પૂજ્યપાદસ્વામી રચિત આ ઈષ્ટોપદેશ ગ્રંથ છે. તેમાં ૫૧ ગાથા દ્વારા આત્માનું હિત કેમ થાય તે વાત બતાવી છે. અહીં આપણે ૨૨મી ગાથા ચાલે છે.

૨૧મી ગાથામાં કહ્યું કે આત્મા લોકાલોકને જાણનારો છે, નિત્ય છે, શરીરપ્રમાણ છે અને અનંત સુખ સ્વરૂપ છે. આવો આ આત્મા સ્વસંવેદન પ્રમાણથી જાણી શકાય છે એટલે કે જ્ઞાન પોતે જ પોતાને પોતાથી જાણી શકે એવું સ્વસંવેદનગમ્ય આત્માનું સ્વરૂપ છે.

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે આવા આ આત્માની ઉપાસના કેવી રીતે કરવી ? સેવા કેવી રીતે કરવી અને તેમાં એકાગ્રતા કેમ કરવી કે જે કરવાથી આત્માનું હિત થાય ?

સારમાં સાર આ વાત છે. ભગવાનની સેવા તો શુભભાવ છે. આત્માની સેવા કરવી તે ધર્મ છે. તેથી શિષ્ય પૂછે છે કે આત્માની ઉપાસના કેવી રીતે કરવી ? અમારું હિત અમારે કેમ કરવું ? જુઓ ! શિષ્ય પણ કેવો પ્રશ્ન પૂછે છે ! એમ નથી પૂછતો કે અમે મંદિર બંધાવીએ, શુભભાવ કરીએ તો અમને ધર્મ થાય ને ? તેને મુનિરાજ ઉત્તર આપે છે.

આ તો ત્રિલોકીનાથ પરમાત્માએ આપેલો ઈષ્ટ ઉપદેશ છે. આત્માનું અનાદિ સનાતન સ્વરૂપ જ એવું છે કે તે સ્વ-પરને જાણનારો છે. પોતાને પોતાથી જાણનારો છે, જડ પદાર્થો અને તેની ક્રિયાને જાણનારો છે અને શુભાશુભભાવોને પણ જાણનારો છે. આત્માનો જાણવાનો સ્વતઃસ્વભાવ હોવાથી જાણવાની ક્રિયામાં તેને અન્ય દ્રવ્યોની સહાયની જરૂર પડતી નથી. તેમ પોતાના સ્વભાવમાં એકાગ્ર થવામાં પણ તેને અન્ય કારકો (સાધનો)ની જરૂર નથી.

> આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,
> એ દુઃખ, દુખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.

ઈન્દ્રિય વિષયો અને શુભાશુભ વિકલ્પો છોડી પોતાના સ્વરૂપની શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા આત્મા પોતે જ પોતાની કરે છે. પોતાના સ્વભાવની સાધના કરવા માટે આત્માને અન્ય કારકોની જરૂર નથી. આ ઉપદેશનું નામ જ ઈષ્ટ ઉપદેશ છે. આ ઉપદેશ આત્માનું હિત કરવાવાળો છે. જડની ક્રિયાથી કે શુભભાવથી હિત થાય એવો ઉપદેશ તે ઈષ્ટ ઉપદેશ નથી.

ભગવાન ! તારામાં શું અપૂર્ણતા છે કે તારે પરની સહાય લેવી પડે ! તું તો પૂર્ણાનંદરૂપ મુક્તિનો નાથ છો-સ્વામી છો.

દિગંબર સંત શ્રી પૂજ્યપાદસ્વામી જગતને હિતનો ઉપદેશ આપે છે કે હે જીવો ! તમારું અનાદિ અનંત શાશ્વત અસ્તિત્વ છે. તમે જ્ઞાન-દર્શન આદિ અનંત ગુણોના પિંડ સ્વરૂપ પરમાત્મા છો. તેમાં એકાગ્રતા કરવાનું સાધન પણ તમારામાં છે. સ્વાત્માને સાધવાનું સાધન શરીરની ક્રિયા કે શુભાશુભભાવોમાં નથી. તમારા સ્વભાવમાં જ સાધન છે માટે તમે ચિંતા છોડો અને સ્વભાવને સાધો.

અહા ! બે લીટીમાં તો આખા જૈનશાસનનો સાર ભરી દીધો છે.

પ્રભુ ! તમે તો પૂર્ણાનંદના નાથ છો ને ! તમારે અનંત એકાગ્રતા કરવા માટે બિલકુલ પરના સાધનોની જરાય આવશ્યકતા નથી. આ સંવર-નિર્જરાની ક્રિયા ઉત્પન્ન કરવાની વાત ચાલે છે. શરીરાદિ પરદ્રવ્યથી ભિન્ન, કર્મથી, પુણ્ય-પાપભાવથી પણ ભિન્ન આત્મા પોતાના સ્વભાવથી સંપન્ન છે.

ભાઈ તું શાંત થા ! ધીરો થા ! તારી પ્રભુતા તારી પાસે જ છે અને તારી પ્રભુતાનો ઉપયોગ તું કરી શકે છે. તારી પ્રભુતાથી તું સ્વભાવનું સાધન કર, તેમાં તારે બીજાની પાસે દીનતા કરવાની જરાય જરૂર નથી. ત્રણ ભુવનના નાથ તીર્થંકરદેવ સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં સમોસરણમાં આ વાત ફરમાવતા હતા. તેની જ માર્ગ પરંપરામાં આ વાત મુનિરાજ ફરમાવે છે. તેનો વિશ્વાસ કર ! પ્રતીતિ લાવ !

શુભાશુભ ભાવ અને તેમાં હર્ષ-શોકની કલ્પનારૂપી વિકાર પર્યાયમાં છે પણ સ્વરૂપમાં તે નથી. એ તો ઉપરના ગુમડાં છે તે સ્વભાવમાં નથી. સ્વ-પરને જાણવાનો સ્વભાવ ત્રિકાળ છે. તેની સન્મુખ દૃષ્ટિ કરવાનું સાધન પણ સ્વભાવમાં નથી. શુભભાવની જ્ઞાનમાં જ્ઞેય થવાની લાયકાત છે અને જ્ઞાનમાં તેને જાણવાની તાકાત છે. પણ તેનાથી આત્માનું હિત થશે તે વાત નથી.

**પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે**
**તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.**

શિષ્યના પ્રશ્નના જવાબમાં મુનિરાજ મૂળ પૂંજીની વાત કરે છે. ભગવાન ! તું તો પરિપૂર્ણ ગુણથી ભર્યો છો ને ! તારી પર્યાય વર્તમાનમાં એકાંત પરલક્ષી અને એકાંત પરને જાણવાવાળી થઈ છે તે તારો સ્વભાવ નથી. પરને પોતાના માનવા કે તેનો કર્તા થવું એ તો તારા સ્વભાવમાં છે જ નહિ પણ સ્વને જાણ્યા વિના એકલા પરને જાણવું એ પણ તારી પર્યાયનો વાસ્તવિક સ્વભાવ નથી. સ્વ-પર બંનેને જાણવાનો તારો સ્વભાવ છે. સ્વભાવ તરફ દૃષ્ટિ કરતાં જ પર્યાયમાં સ્વ-પરને જાણવાનો સ્વભાવ પ્રગટ થાય છે.

स्व-पर प्रकाशक शक्ति हमारी, तातें वचन भेद भ्रम भारी,
ज्ञेयशक्ति द्विविधा प्रकाशी, निजरूपा पररूपा भासी।

ભગવાન એમ ફરમાવે છે કે જીવની સ્વ-પર-પ્રકાશક શક્તિ તે તેનો સ્વભાવ છે તેથી સ્વ-પરપ્રકાશક પર્યાય પ્રગટ કરવામાં તેને કોઈ રાગ કે નિમિત્તના સાધનની જરૂર નથી. જો તને ભગવાનની શ્રદ્ધા હોય તો ભગવાન તો આમ કહે છે તેનો તું સમજીને સ્વીકાર કર !

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે ત્રણ રત્નત્રય છે તેમ અનંત વીર્ય, પ્રભુતા, વિભુતા, સ્વચ્છતા આદિની નિર્મળપર્યાયો પણ રત્ન છે. આત્મા અનંત રત્નોની મોટી ખાણ છે. અંતર એકાગ્રતાના સાધન વડે તે રત્નો પ્રગટ કરવાથી આત્માનું હિત થાય છે.

દિવાળીમાં વેપારીઓ ચોપડા તપાસે છે ને ! તેમ જેને પોતાનું હિત કરવું છે તેણે આ વીતરાગની વાણીના ચોપડા તપાસવા જોઈએ.

'પ્રભુ ! અમારે અમારું હિત કરવું છે. અનંતકાળમાં એક સમય પણ અમે અમારું હિત કર્યું નથી. હવે અમે અમારું હિત કરવા જાગૃત થયા છીએ. માટે પ્રભુ ! અમને અમારું હિત બતાવો.'


પ્રભુ કહે છે કે ભાઈ ! તારું હિત તારાથી જ થાય તેમ છે. તારામાં કરણ નામનો ગુણ છે. તે સાધન વડે તું તારું હિત સાધી લે, ભાઈ ! કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ આદિ અનંતી શક્તિ તારા સ્વભાવની ખાણમાં જ ભરી છે તેને પર્યાયમાં પ્રગટ કરવામાં તારે અન્ય કોઈ સાધનોની જરૂર નથી. અભિપ્રાયમાં પ્રથમ આમ નક્કી કર કે મારું હિત મારાથી જ થાય તેમ છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૭ ઉપર)

વિધવિધ પુદ્ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




### દુઃખના કારણરૂપ મિથ્યાત્વાદિને છોડવાનો ઉપદેશ

વીતરાગવિજ્ઞાનને ભૂલીને સંસારની ચાર ગતિમાં જીવ દુઃખી થઈ રહ્યો છે; તે દુઃખનું કારણ શું છે—તે કહે છે—

(પદ્ધરી છંદ)

ऐसे मिथ्या-दृग-ज्ञान-चर्ण, वश भ्रमत भरत दुःख जन्म-मर्ण।
तातैं इनको तजिये सुजान, सुन तिन संक्षेप कहूँ बखान ।।१।।




છેદન—ભેદન કે ઠંડી—ગરમી વગેરે સંયોગથી ચાર ગતિનાં દુઃખોનું વર્ણન કર્યું પણ તેમાં દુઃખનું ખરું કારણ બાહ્યસંયોગ નથી, મિથ્યાશ્રદ્ધા—મિથ્યાજ્ઞાન—મિથ્યાઆચરણ એ જ દુઃખનું ખરું કારણ છે,—એમ જાણીને તેને છોડવા જોઈએ. એ વાત અહીં બતાવે છે. મિથ્યાત્વ તે આત્માને મહાદુઃખ દેનાર શત્રુ છે, અને તે મિથ્યાત્વાદિ શત્રુ સામે આત્માના સ્વભાવનું રક્ષણ કરવા માટે વીતરાગ વિજ્ઞાન તે મજબૂત ઢાળ (ઢાલ) છે.

નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી ચારે ગતિના અવતારમાં જે દુઃખ ભોગવ્યાં તે મિથ્યાશ્રદ્ધા—ચારિત્ર વડે જ ભોગવ્યાં છે. વળી એમ નથી કે એકલા નરકમાં જ દુઃખ ભોગવ્યાં છે,—સ્વર્ગના અનંત અવતાર કર્યા તેમાંય દુઃખ જ ભોગવ્યું છે. જ્યાં જ્યાં સમ્યગ્દર્શનાદિ છે ત્યાં જ સુખ છે; અને જ્યાં જ્યાં મિથ્યાત્વાદિ છે ત્યાં દુઃખ જ છે;—પછી નરક હો કે સ્વર્ગ હો. તિર્યંચમાં કે નરકમાં, સ્વર્ગમાં કે મનુષ્યમાં,—બધે ઠેકાણે દુઃખનું કારણ તો જીવના મિથ્યાત્વાદિ ભાવ જ છે. એ

વિધવિધ નિજ પરિણામને જ્ઞાની જરૂર જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૭.

મિથ્યાત્વાદિ ભાવોને વશ થઈને જીવ ચારગતિમાં રખડે છે ને મહાદુઃખો વેદે છે. તેનાં દુઃખો સર્વજ્ઞે જોયા તે–અનુસાર થોડુંક વર્ણન અહીં કર્યું. બાકી અનંતદુઃખોનું વર્ણન બે-ચાર શ્લોકમાં તો કેટલુંક કહેવાય?

નિગોદમાં પણ જીવ પોતાના મિથ્યાત્વવશ રહ્યો છે, કોઈ બીજાના કારણે નહિ. 'भावकलंक सुपउरा णिगोदवालं ण मुंचंति' ભાવકલંકની અત્યંત પ્રચુરતાને લીધે તે જીવો નિગોદવાસને છોડતા નથી. (ગોમ્મટસાર—જીવકાંડ ગાથા ૧૯૭) જીવને પોતાનો મિથ્યાત્વભાવ જ દુઃખરૂપ છે; કર્મ તો જડ છે, તે તો માત્ર નિમિત્ત છે, જીવથી તે ભિન્ન છે. ભાઈ, તારા ઊંધા ભાવ અનુસાર કર્મ બંધાયું છે એટલે રખડવાનું ખરું કારણ તારો ઊંધો ભાવ જ છે; તે ઊંધો ભાવ છોડ તો તારું ભ્રમણ મટે. સમ્યગ્દર્શન વગર જીવનું પરિભ્રમણ કદી ટળે નહિ. ભાઈ, મિથ્યાત્વને લીધે આ રીતે જન્મ-મરણનાં ઘણા દુઃખો તેં ભોગવ્યા, માટે હવે તો તે મિથ્યાત્વાદિને છોડ....છોડ.

જીવે દયાદિના શુભભાવવડે સ્વર્ગનાય ભવ અનંતવાર કર્યા, ને હિંસાદિનાં તીવ્ર પાપ કરીને નરકમાં અનંતવાર ગયો. પણ શુભ–અશુભ બંને રાગથી પાર પોતાનું સ્વરૂપ છે તે જાણ્યું નહિ. દેહમાં કે રાગમાં એકત્વબુદ્ધિ છે તે મિથ્યાત્વ છે, તેનું સ્વરૂપ જાણીને તે છોડવું જોઈએ. ભવ–દુઃખનું કારણ શું?–કે મિથ્યાત્વાદિ ભાવ; એ મિથ્યાત્વાદિનું સ્વરૂપ સંક્ષેપથી આ અધ્યાયમાં કહેશે.–શા માટે? કે તેને છોડવા માટે.

સંયોગબુદ્ધિથી અજ્ઞાની દુઃખી થઈ રહ્યો છે. સંયોગ અનુકૂળ હોય તો ઠીક ને પ્રતિકૂળ હોય તો અઠીક—એવી મિથ્યાબુદ્ધિ દુઃખનું મૂળ છે. નરકાદિના દુઃખના વર્ણનમાં નિમિત્તથી સંયોગની વાત કરી છે પણ ખરેખર પ્રતિકૂળ સંયોગ તે દુઃખ નથી; જીવનો મોહરૂપ આકુળ ભાવ તે જ દુઃખ છે.

નિગોદથી નવમી ગ્રૈવેયક સુધી મિથ્યાદ્રષ્ટિપણે જીવે અનંત અવતાર કર્યા, તેમાં સામાન્યપણે મનુષ્યના સૌથી થોડા ભવ કર્યા,–જોકે અનંત તો ખરા પણ બીજી ગતિ કરતાં થોડા; તેનાથી અસંખ્યગુણા નરકના ભવ કર્યા; તેનાથી અસંખ્યગુણા દેવના ભવ કર્યા, ને તેનાથી અનંતગુણા અવતાર તિર્યંચગતિમાં કર્યા; આ જીવ સિદ્ધપદ પૂર્વે કદી નથી પામ્યો. સંસારનો અનંતકાળ તો એકેન્દ્રિયપણાના મહા દુઃખોમાં ગાળ્યો. ત્યાં તો કોઈ જાતની વિવેકબુદ્ધિ જ ન હતી; તે જડ નો'તો થઈ ગયો એટલું જ, બાકી તેની ચેતના અતિશય

પુદ્‌ગલકરમનું ફળ અનંતું જ્ઞાની જીવ જાણે ભલે,
પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૮.

હીણી થઈ ગઈ હતી. જીવને અત્યારે તો ચેતવાનો અવસર આવ્યો છે; માટે ઘોર દુઃખના કારણરૂપ એવા મિથ્યાત્વાદિને બરાબર ઓળખીને સર્વથા છોડવા. મિથ્યાત્વને મિથ્યાત્વપણે જે ઓળખે પણ નહિ તે તેને ક્યાંથી છોડે? માટે કહે છે કે इनको तजिये सुजान તે મિથ્યાત્વાદિ દુશ્મનને બરાબર જાણીને તેનો ત્યાગ કરો. ખૂણે–ખાંચરે ક્યાંય મિથ્યાત્વનો અંશ પણ ન રહી જાય–એમ તેને છોડવા. તે માટે અહીં તેના સ્વરૂપનું વર્ણન કરે છે. સંતો–આચાર્યોએ શાસ્ત્રોમાં તો તેનું ઘણું વર્ણન કર્યું છે, પણ અહીં તે–અનુસાર ટૂંકમાં કહેશું. તે જાણીને મુમુક્ષુએ તે મિથ્યાત્વાદિ ભાવોને છોડવા.

ભાઈ, તારા દુઃખની કથા તો એટલી મોટી છે કે કેવળીભગવાન જ તે પૂરી જાણે છે. કથનમાં તો થોડુંક જ આવે છે. મિથ્યાત્વાદિ કેવા ભાવો તેં સેવ્યા, ને તેનાથી તું કેવું દુઃખ પામ્યો? તે સાંભળ! સાંભળીને હવે તેને છોડ. કોઈ બીજાએ તને નથી રખડાવ્યો પણ તારા મિથ્યાત્વભાવથી જ તું રખડ્યો અને દુઃખી થયો છો. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ તે દુઃખનાં કારણ છે. રાગ અશુભ હો કે શુભ, બંનેમાં દુઃખ છે. શુભથી સ્વર્ગ મળે–છતાં તે પણ દુઃખ છે. શુભરાગથી સ્વર્ગ મળે પણ કાંઈ શુભરાગથી આત્મા ન મળે; કે આત્માના સમ્યગ્દર્શનાદિ કોઈ ગુણો શુભરાગથી ન મળે. રાગ તે દોષ છે, તેના વડે ગુણની પ્રાપ્તિ કેમ થાય? મિથ્યાત્વ અને રાગ તે પોતે દુઃખ છે, તેનું ફળ દુઃખ છે; તો તે મોક્ષસુખનું કારણ કેમ થાય?—ન જ થાય; પણ અજ્ઞાની તેને સુખનું કારણ સમજે છે. વીતરાગ–વિજ્ઞાન તે સુખ; ને રાગ-દ્વેષ-અજ્ઞાન તે દુઃખ.–આમ જાણીને હે જીવ! દુઃખનાં કારણોથી તું પાછો વળ; ને સુખ માટે વીતરાગ–વિજ્ઞાન પ્રગટ કર.

'હું જ્ઞાન છું' એ ભૂલીને, હું રાગ છું ને શરીર છું–એવી મિથ્યાબુદ્ધિ તે સંસારનું મૂળ છે. એવા મિથ્યાત્વ સહિતનું જાણપણું તે મિથ્યાજ્ઞાન છે, અને મિથ્યાત્વ સહિતનું આચરણ તે મિથ્યાચારિત્ર છે. શરીર અજીવ છે; પુણ્ય–પાપ–મિથ્યાત્વ તે આસ્રવ છે. તે અજીવ તથા આસ્રવને પોતાના માનવા કે હિતકર માનવા તે વિપરીત શ્રદ્ધા છે. હું જ્ઞાન છું–એમ જીવતત્ત્વને ભૂલ્યો, ને હું દેહ છું—એમ અજીવને જીવ માન્યો–તો તે મિથ્યાદર્શન છે. એ જ પ્રમાણે રાગાદિ આસ્રવોને જીવસ્વભાવ માન્યા કે તેને સંવર–નિર્જરાનું કારણ માન્યું–તો તે પણ મિથ્યાદર્શન છે. મિથ્યાદષ્ટિ સાતે તત્ત્વોમાં કેવી ભૂલ કરે છે તે આગળ બતાવશે. (ક્રમશઃ) ❋

**એ રીત પુદ્ગલદ્રવ્ય તે પણ નિજ ભાવે પરિણમે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૯.**



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

(૭૨) ''પ્રમાણ સાધક છે ને વસ્તુ પ્રસિદ્ધ કરવી સાધ્ય છે.'' દ્રવ્ય ને પર્યાય, સામાન્ય ને વિશેષને જાણવું તે પ્રમાણ સાધક છે ને વસ્તુની પ્રસિદ્ધિ થવી તે ફળ છે.

(૭૩) ''વસ્તુગ્રહણ સાધક છે, સકલ કાર્યસામર્થ્ય સાધક છે.'' આત્મામાં અનંતા દ્રવ્ય-ગુણ-પર્યાય વસ્યા છે તે વસ્તુનું ગ્રહણ સાધક છે, તેમાંથી પૂર્ણ કેવળજ્ઞાનદશા સિદ્ધ થયા વિના રહે નહિ. માટે સકલ કાર્યસામર્થ્ય ફળ છે.

(૭૪) ''પરપરિણતિ સાધક છે ને ભવદુઃખ સાધ્ય છે.'' વિકાર સાધક છે તેથી ભવદુઃખનું ફળ મળે છે. દયા-દાનના શુભભાવ કે હિંસા આદિના અશુભભાવ તે બન્ને ભવદુઃખનાં કારણ છે. જ્ઞાનીને દયા-દાનાદિનો જરા રાગ રહે તેટલું ભવદુઃખ છે, અજ્ઞાનીને એકલું ભવદુઃખ છે.

(૭૫) ''નિજ પરિણતિ સાધક છે ને સ્વરૂપાનંદ સાધ્ય છે.'' આત્મા પૂર્ણાનંદસ્વરૂપ છે, એવી પોતાની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાની પરિણતિ સાધક છે ને સ્વરૂપાનંદ સાધ્ય છે.

આ પ્રમાણે સાધ્ય-સાધક છે. આવા સાધ્ય-સાધકના અનેક ભેદ જાણી આત્માનો અનુભવ કરવો તે ફળ છે. આત્મસ્વરૂપનો આનંદ પ્રગટે તે માટે આ બધા બતાવ્યા છે.

જેટલી શુભાશુભ લાગણી ઊઠે તે કૃત્રિમ છે, ત્રિકાળી ચીજ નથી. આત્મા વસ્તુ સહજ અનાદિસિદ્ધ છે. જેટલી કલ્પના ઊઠે છે તે કર્મના આશ્રયે થાય છે.

''ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર,
અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.''

બધી કલ્પના કર્મજન્ય છે. આત્મા નિત્ય વસ્તુ છે. આત્મા અનંત આનંદનું રૂપ છે. અનંતા ગુણોના મહિમાને ધારણ કરે છે. આવા આત્માની સન્મુખ થઈ, રાગરહિત ભાવનાથી શુદ્ધ ઉપયોગ ધારણ કરી, સ્વરૂપ સમાધિમાં લીન થા. આવી રીતે આત્માનો

જીવભાવહેતુ પામી પુદ્ગલ કર્મરૂપે પરિણમે;
એવી રીતે પુદ્ગલકરમનિમિત્ત જીવ પણ પરિણમે. ૮૦.

અનુભવ પ્રગટ કરી પરમાત્મદશા પ્રગટ કરો.

હવે કોઈ જાણે કે સ્વરૂપની આવી વાત કઠણ લાગે છે. ''આત્મા આનંદને અનુભવી શકે છે,'' આવી વાત મોટી છે—એમ કહી કોઈ સ્વરૂપને કઠણ કહે. આજના કાળે સ્વરૂપ સમજવું કઠણ કહેનાર બહિરાત્મા છે. તેને પોતા તરફ વીર્ય વાળવાનું બનશે નહિ. વ્રત પાળવાં ને સાધુપણું લેવું તે સહેલું છે. પણ આત્મસ્વરૂપ કઠણ છે—એમ માનનારને સ્વની રુચિ નથી. એક સમયના સંસારથી પાર જે શુદ્ધસ્વરૂપ છે તેને મુશ્કેલ માનનાર સ્વરૂપસન્મુખ જવા માગતો નથી. તે નિમિત્તને સન્મુખ જવા માગે છે. ''તમે દ્રવ્યાનુયોગની મોટી મોટી વાતો કરો છો, નિશ્ચય દર્શન, જ્ઞાન, ચારિત્રની તમે વાત કરો છો, તે કઠણ છે. આ કાળે દેવ-ગુરુની ભક્તિ કરો, આ કાળે એનાથી વધારે પમાય એવું નથી.'' એમ કહેનાર બહિરાત્મા છે.

''આત્માના આનંદની વાત કરો છો તે કઠણ લાગે છે.''—એમ માનનારનું વીર્ય આત્મા તરફ વળી શકે નહિ. ''પરની દયા પાળવી, વ્રત પાળવાં, આ પાળવું કે આ ન પીવું વગેરે સહેલું લાગે છે પણ નિશ્ચયની વાત પકડાતી નથી.'' એમ કહી સ્વરૂપને કઠણ માને છે. તેણે સ્વરૂપમાં આડ મારી છે. ''નિશ્ચય તો સાતમે ગુણસ્થાને હોય'' એમ કેટલાક માને છે તે ભૂલ છે. એક સમયનો વિકાર છે ને સ્વભાવ ત્રિકાળી વિકાર રહિત છે. હવે જો વિકારમાં માન્યતા રોકાઈ ગઈ તો સ્વભાવસન્મુખ કામ કરશે નહિ. વિકારને જાણશે, માનશે અથવા ત્યાં વીર્ય અટકી જશે. તેથી તે બહિરાત્મા છે. અંતરસ્વરૂપ કઠણ માન્યું, તેને સ્વરૂપની ભાવના કે તે તરફની ગતિ રહેતી નથી. સ્વરૂપની વાત સાંભળવાની હોંશ રહેતી નથી. પ્રથમ યથાર્થ વાત રુચિપૂર્વક સાંભળ તો ખરો... એક સમયના વિકારની હોંશ તને આવે છે પણ વિકારરહિત ત્રિકાળી સ્વભાવની હોંશ આવતી નથી. તે અજ્ઞાની જીવ બાહ્ય પદાર્થોમાં—લક્ષ્મી ને રાગમાં રોકાઈ ગયો છે. તેને અંદર આવવું ગમતું નથી. ઊંધી માન્યતાનું શલ્ય રાખ્યું છે. સ્વરૂપની વાત ચાલતી હોય તોપણ તેને રુચિ ન થાય. ''એ નિશ્ચયની વાત છે.'' એમ કહીને તેના તરફ દુર્લક્ષ કરે છે. તું છો કે નહિ? આજના કાળે એકલું નિમિત્ત છે? એકલો રાગ છે?—આજના કાળે રાગ વિનાનો ત્રિકાળી સ્વભાવ છે કે નહિ? કઠણ માની સ્વરૂપ તરફ ઢળતો નથી તેને સ્વની ભાવના નથી, તેને સ્વરૂપની ચાહના મટી ગઈ છે. પુણ્યની, વ્રતની ને દયાની વાત કરો, દાન કરો, જાત્રા કરો વગેરે વાત રુચે છે.

**જીવ કર્મગુણ કરતો નથી, નહિ જીવગુણ કર્મો કરે;**
**અન્યોન્યના નિમિત્તથી પરિણામ બેઉ તણા બને. ૮૧.**

પંચમ કાળનો જીવ કે જે સ્વરૂપને કઠણ કહે છે ને અંતર્મુખ જવાનું મોંઘું કહે છે તેને કહે છે કે આજથી અધિક પરિગ્રહ ચક્રવર્તી આદિનો હતો. તેને ૯૬૦૦૦ સ્ત્રીઓ હતી. ચોથા કાળમાં પુણ્યના ફળ ઘણાં હતાં. તારે તો ૯૬૦૦૦ નળિયાં પણ નથી. છતાં અંતરની ભાવના કરવા નવરો થતો નથી. તારી રુચિ બાહ્યમાં છે, બાહ્ય ઋદ્ધિનાં પણ ઠેકાણાં નથી. ચોથે કાળે પુણ્યવંત જીવો-તીર્થંકર, બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી વગેરેની ઘણી ઋદ્ધિ હતી. તારી પાસે તો અલ્પ ઋદ્ધિ છે. છતાં તું તેમાં રોકાઈ ગયો છે. પરિગ્રહ પરાણે-બળજોરીથી રાગ કરાવતો નથી. પરિગ્રહ ગમે તેટલો હોય તે વિકાર કરાવતો નથી, તે કાંઈ કહેતો નથી. આ જીવ દોડી દોડી મફતનો તેમાં ઝૂકી પડે છે.

ચોથા કાળે દાગીના, કપડાં વગેરેનો પાર ન હતો. છતાં આત્માનું ભાન કરી ધર્મ કરતા. અહીં તો સંયોગોનાં ઠેકાણાં નથી, છતાં ધર્મ માટે વખત મળતો નથી એમ તું કહે છે. બૈરાં-છોકરાં, પૈસા પરાણે કહેતા નથી કે તું અમારા તરફ જો, પણ અજ્ઞાની જીવ દોડી દોડી સંયોગોના વલણમાં જાય છે.

દેશકથા, રાજકથા વગેરેની કથા માંડે પણ સ્વરૂપની કથા કરે તો કોણ રોકે? કર્મે રોક્યો એવી વાત કરી નથી. સ્ત્રીની કથા માંડે, આવા દાગીના કરવા વગેરે વિચાર કરે, પણ સ્વરૂપનો વિચાર કરે તો કોણ રોકે? આત્માના સ્વરૂપમાં પરિણામ કરે તો કોઈ રોકતું નથી. બૈરાં-છોકરાં રોકતા નથી. અજ્ઞાની વિકથામાં જોડાય છે, પણ આત્મકથામાં જોડાતો નથી. અધ્યાત્મની વાતને કઠણ માને છે, તેની રુચિ વિષય-કષાયમાં છે. નવરો થાય તો વિકથા કરે. પરપરિણામ સુગમ માને છે. બૈરાં-છોકરાં વગેરેના વિચાર કરવા સહેલા બતાવે છે ને આત્માના વિચાર કઠણ બતાવે છે. એકવાર હા પાડ કે આત્મામાં જ સુખ છે! પણ આત્માના પરિણામ કઠણ માને, વિષય-ભોગ લેવા સુગમ માને, દેખો અચરજની વાત! આ અધ્યાત્મની વાત સાંભળતાં માથું ફરી જાય છે—એમ કહે છે.

પોતે દેખે છે, જાણે છે છતાં દેખ્યો ન જાય ને જાણ્યો ન જાય—એમ કહે છે. તારી હયાતી વિના પર દેખાય નહિ છતાં આત્મા જણાય નહિ એમ તું કહે છે તો આમ કહેતાં શું લાજ આવતી નથી? શરમ આવતી નથી? દેખનારો ને જાણનારો ન હોય તો આ બધું કેવી રીતે જણાય? આ બધું પોતાના જ્ઞાનપ્રકાશમાં જણાય છે.

"ઘટ પટ આદિ જાણ તું તેથી તેને માન,
જાણનારને માન નહિ કહીએ કેવું જ્ઞાન?"

(જુઓ અનુસંધાન પેજ નં. ૪ ઉપર)

**એ કારણે આત્મા ઠરે કર્તા ખરે નિજ ભાવથી,**
**પુદ્‌ગલકરમકૃત સર્વ ભાવોનો કદી કર્તા નથી. ૮૨.**

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

## દ્વાદશ–અનુપ્રેક્ષા (બારસ અણુવેક્ખા)

### (૮) આસ્રવાનુપ્રેક્ષા

मिच्छत्तं अविरमणं कसायजोगा य आसवा होंति ।
पण पण चउतियभेदा सम्मं परिकित्तिदा समए ॥४७॥

મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ આસ્રવ છે. ઉક્ત મિથ્યાત્વ આદિ આસ્રવ ક્રમથી પાંચ, પાંચ, ચાર અને ત્રણ ભેદોથી યુક્ત છે, આગમમાં એનું વર્ણન સારી રીતે કર્યું છે.

મિથ્યાત્વ તથા અવિરતિના પાંચ ભેદ

एयंतविणयविवरियसंसयमण्णाणमिदि हवे च ।
अविरमणं हिंसादि पंचविहो सो हवइ णियमेण ॥४८॥

એકાંત, વિનય, વિપરીત, સંશય અને અજ્ઞાન આ પાંચ પ્રકારના મિથ્યાત્વ છે તથા હિંસા, આદિના ભેદથી અવિરતિ પાંચ પ્રકારની નિયમથી હોય છે. ૪૮.

ચાર કષાય અને ત્રણ યોગ

कोहो माणो माया लोहो वि य चउव्विहं कसायं खु ।
मण वचिकाएण पुणो जोगो तिवियप्पमिदि जाणे ॥४९॥

ક્રોધ, માન, માયા અને લોભ આ કષાયના ચાર પ્રકાર છે. તથા મન, વચન અને કાયાના ભેદથી યોગના ત્રણ ભેદ છે એમ જાણવું જોઈએ. ૪૯.

असुहेदरभेदेण दु एक्केकं वण्णिदं हवे दुविहं ।
आहारादी सण्णा असुहमणं इदि विजाणेहि ॥५०॥

મન-વચન-કાયા આ ત્રણે યોગોમાંથી પ્રત્યેક યોગ અશુભ અને શુભના ભેદથી બે પ્રકારે કહ્યાં છે. આહાર આદિ (—આહાર-ભય-મૈથુન-પરિગ્રહ) સંજ્ઞાઓનું હોવું અશુભ મન છે એમ માને છે. ૫૦.

किण्हादि तिण्णि लेस्सा करणजसोक्खेसु गिद्धिपरिणामो ।
ईसा विसादभावो असुहमणं त्ति य जिणा वेंति ॥५१॥

કૃષ્ણાદિ (—કૃષ્ણ-નીલ-કાપોત) ત્રણ લેશ્યાઓ, ઈન્દ્રિયજન્ય સુખોમાં તીવ્ર લાલસા, ઈર્ષ્યા તથા વિષાદભાવ અશુભમન છે એમ જિનેન્દ્રદેવ જાણે છે. ૫૧.

(ક્રમશઃ) ❊

# ''આત્મપ્રસિદ્ધિ''

આ ટીકાનું નામ 'આત્મખ્યાતિ' છે, આત્મખ્યાતિ એટલે આત્માની પ્રસિદ્ધિ, આત્માનો અનુભવ; તે 'આત્મપ્રસિદ્ધિ' કેમ થાય તેની આ વાત ચાલે છે. જ્ઞાનલક્ષણવડે જ આત્માની પ્રસિદ્ધિ થાય છે.

પહેલાં તો સત્સમાગમે ઉત્સાહથી આવા સત્યનું શ્રવણ કરવું જોઈએ. જ્યાં સત્યના શ્રવણનો પણ ઉત્સાહ નથી ત્યાં ગ્રહણ નથી, ગ્રહણ નથી ત્યાં ધારણા નથી, ધારણા નથી ત્યાં રુચિ નથી અને રુચિ નથી ત્યાં પરિણમન થતું નથી. જેને આત્માની રુચિ હોય તેને ઉત્સાહપૂર્વક તેનું શ્રવણ, ગ્રહણ અને ધારણા તો હોય જ છે. અહીં તો હવે શ્રવણ, ગ્રહણ, ધારણ અને રુચિ પછી અંતરમાં તેનું પરિણમન થઈને આત્માની પ્રસિદ્ધિ કેમ થાય તેની વાત છે.

આત્માનું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થતાં આત્માની પ્રસિદ્ધિ થઈ એમ કહેવાય છે. વ્રત-તપ વગેરેનો શુભ રાગ તે આત્માની પ્રસિદ્ધિનું સાધન નથી, પણ જ્ઞાનને અંતરમાં વાળવું તે એક જ ભગવાન આત્માની પ્રસિદ્ધિનું સાધન છે.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—ભરતક્ષેત્રનો જીવ મરીને સીધો વિદેહમાં જન્મે ખરો?**

ઉત્તર :—હા, મિથ્યાદૃષ્ટિ હોય તો જન્મી શકે; પણ આરાધક મનુષ્ય મરીને કર્મભૂમિના મનુષ્યમાં (–વિદેહાદિમાં) જન્મે નહિ–એ નિયમ છે. વિરાધકજીવ ગમે ત્યાં જન્મે. કદાચ કોઈ મનુષ્યને પૂર્વે મિથ્યાત્વદશામાં મનુષ્યનું આયુષ્ય બંધાઈ ગયું હોય ને પછી સમ્યક્ત્વ (-ક્ષાયિક) પામે તો તે આરાધક જીવ મરીને મનુષ્યમાં ઊપજે, પણ તે અસંખ્યાત વર્ષના આયુષ્યવાળા ભોગભૂમિના મનુષ્યમાં જ ઊપજે, કર્મભૂમિમાં ન ઊપજે એ નિયમ છે. વિદેહક્ષેત્ર તે કર્મભૂમિ છે. ભોગભૂમિમાં ચોથા ગુણસ્થાનથી ઉપરના કોઈ ગુણસ્થાનો હોતાં નથી. ભોગભૂમિનો જીવ ત્યાંથી મરીને નિયમથી સ્વર્ગમાં જ જાય.

**પ્રશ્ન :—કેવળજ્ઞાનીના શરીરમાં નિગોદના જીવો હોય?**

ઉત્તર :—ના, કેવળજ્ઞાનીને પરમ ઔદારિક શરીર છે, તેના આશ્રયે નિગોદના જીવો હોતાં નથી. આકાશમાં તે ક્ષેત્રે હોય.–કેમ કે લોકમાં સર્વત્ર નિગોદ જીવો છે. પરંતુ તે જીવો પરમ ઔદારિક શરીરને આશ્રિત નથી. કેવળજ્ઞાનીનું પરમ ઔદારિક શરીર, મુનિનું આહારક શરીર, દેવોનું તથા નારકીનું વૈક્રિયિક શરીર તથા પૃથ્વીકાય-અપકાય-વાયુકાય અને તેજોકાય એ સ્થાનોના આશ્રયે નિગોદ જીવો હોતા નથી.

**પ્રશ્ન :—આકાશના એક પ્રદેશમાં અનંતા પરમાણુઓ અને અનંતા જીવના પ્રદેશ કેમ રહી શકે?**

ઉત્તર :—જેનો જે સ્વભાવ હોય તેમાં મર્યાદા કે હદ શું હોઈ શકે? બેહદ ને અમર્યાદિત જ સ્વભાવ હોય. લોકમાં રહેલા અનંતા પરમાણુઓ સૂક્ષ્મરૂપે થઈને આવે તો આકાશનો એક પ્રદેશ અવગાહન આપે, એવો અવગાહન આપવાનો આકાશમાં બેહદ સ્વભાવ છે. આકાશના એક પ્રદેશમાં એટલું બેહદ સામર્થ્ય છે કે અનંતા પુદ્ગલને અનંતા જીવના પ્રદેશોને તથા ધર્માસ્તિ, અધર્માસ્તિ તથા કાળના એક એક પ્રદેશને એકી સાથે અવગાહન આપી શકે છે. એ આકાશનો એક પ્રદેશ છે કેવડો?–કે એક પરમાણુ રહે એટલા માપવાળો જ. છતાં તેમાં અનંતને અવગાહન આપવાનું અમાપ સામર્થ્ય છે. એ

**આત્મા કરે નિજને જ એ મંતવ્ય નિશ્ચયનય તણું,**
**વળી ભોગવે નિજને જ આત્મા એમ નિશ્ચય જાણવું. ૮૩.**

વાત કહીને કહેવું છે તો એ કે એ બધાને જાણનાર જીવની એક સમયની જ્ઞાનપર્યાયનું સામર્થ્ય કેટલું? એક સમયની જ્ઞાનપર્યાય અનંતા અનંતા પદાર્થોને ભૂત-ભવિષ્યની પર્યાય સહિત જાણી લ્યે છે. એ જાણવાના સ્વભાવની અમર્યાદિતતા—અમાપતા કેટલી? અરે! જડ એવા આકાશનો એક પ્રદેશ અનંતા રજકણને અવગાહન આપી શકે તો તેના જાણનાર જીવના જાણવાના સ્વભાવનું સામર્થ્ય કેટલું? આહાહા! જાણનાર જીવના સ્વભાવની અમર્યાદિતતા, અમાપતા, અપરિમિતતા, અનંતતાનું કહેવું શું? ગજબ વાત છે! આ તો પોતાનું હિત કરવા માટે વાત છે. બીજાને સમજાવી દેવા માટે નથી પણ પોતાના જ્ઞાનનું સામર્થ્ય કેટલું છે તે પોતે સમજી, વિશ્વાસમાં લઈને અંદર સમાવા માટે છે. શ્રીમદ્ કહે છે ને?—કે સમજ્યા તે સમાઈ ગયા, કહેવા રોકાયા નહિ. આહાહા! આવા સ્વભાવનું માહાત્મ્ય આવે એ પર્યાય અંદર ગયા વિના રહે જ નહિ, ભગવાનને ભેટે જ.

**પ્રશ્ન :—એક પુદ્ગલ પરમાણુના બે ટુકડા ન થઈ શકે એટલો નાનો છે તો તેમાં અનંતા ગુણો કેવી રીતે હોઈ શકે?**

ઉત્તર :—એક પરમાણુના બે કટકા ન થઈ શકે એટલો સૂક્ષ્મ હોવા છતાં તેમાં અનંતા ગુણો (જીવના ગુણોની જેટલા) છે. આહાહા! આવો વસ્તુનો સ્વભાવ સર્વજ્ઞે જોઈ, જાણીને કહ્યો છે. આત્મા પોતે જ સર્વજ્ઞસ્વભાવી છે. એક પરમાણુ ને તેવા અનંતા પરમાણુનો એક સ્કંધ અને એવા અનંતા સ્કંધોનો એક મહાસ્કંધ—એ બધાને જાણનારો આત્મા સર્વજ્ઞસ્વભાવી છે. એ સર્વજ્ઞસ્વભાવી આત્માની સાચી શ્રદ્ધા કરવાની છે. એ શ્રદ્ધા-જ્ઞાન સાચા કર્યા વિનાના ત્યાગ ને તપ બધા સંસારમાં રખડવાના કારણો છે.

**પ્રશ્ન :—એક સૂક્ષ્મ પરમાણુ કે સૂક્ષ્મ સ્કંધ એકલો સ્થૂળરૂપે પરિણમે?**

ઉત્તર :—ના, બીજા સ્થૂળ સ્કંધ સાથે તે ભળે ત્યારે તેમાં સ્વયં સ્થૂળરૂપ પરિણમન થાય. જેમ અનાદિનો અજ્ઞાની જીવ જ્ઞાનીના નિમિત્તપૂર્વક જ જ્ઞાની થાય છે, તેમ સ્થૂળ સ્કંધના નિમિત્તપૂર્વક જ બીજા સૂક્ષ્મ સ્કંધો કે પરમાણુઓ સ્થૂળરૂપે પરિણમે છે, એ અનાદિ નિયમ છે.

**પ્રશ્ન :—એક છૂટો પરમાણુ આંખથી કે બીજા કોઈ દૂરબીન વગેરે સાધનથી જોઈ શકાય ખરો?**

ઉત્તર :—ના, પાંચ ઈન્દ્રિયસંબંધી જ્ઞાનનો તે વિષય નથી; અવધિજ્ઞાન વડે પરમાણુને જાણી શકાય, પણ અવધિજ્ઞાન બહારના કોઈ સાધનથી થતું નથી. અવધિજ્ઞાન આંખ વડે પણ જણાતું નથી. તેમજ, પરમાણુને જાણે એવું સૂક્ષ્મ અવધિજ્ઞાન તો જ્ઞાનીને જ થાય છે, અજ્ઞાનીને તેવું અવધિજ્ઞાન હોતું નથી. એટલે, એકત્વરૂપ પરમ આત્માને જે જાણે તે જ એક પરમાણુને જાણી શકે.

**આત્મા કરે વિધવિધ પુદ્ગલકર્મ—મત વ્યવહારનું,**
**વળી તે જ પુદ્ગલકર્મ આત્મા ભોગવે વિધવિધનું. ૮૪.**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

મુમુક્ષુઃ—કરવામાં શું બાકી રહી જાય છે? કુટુંબ-પરિવાર છોડી અહીં રહીએ છીએ ને રુચિપૂર્વક શાસ્ત્ર વાંચી, વિચારવાનું મન પણ થાય છે.

બહેનશ્રી :—આવું કરવા છતાં પણ પોતે અટકે છે કેમકે રુચિ ત્યાં ને ત્યાં છે. જેટલી જોઈએ તેટલી અંદર તીવ્રતા નથી, અંતરમાં પાછો વળતો નથી, અંતરની મહિમા આવતી નથી; પોતાને ગ્રહણ કરતો નથી ને વિરક્તિ આવતી નથી; જેમ કોઈ સૂતો હોય ને જાગૃત થવાનો નિર્ણય કર્યો હોય, પણ જાગું છું....જાગું છું એમ કર્યા કરે તો પણ પ્રમાદને લઈને જાગતો નથી—ઊઠતો નથી તેમ જેટલું કારણ આપવું જોઈએ તેટલું આપતો નથી, જેટલી તીવ્રતા જોઈએ તેટલી કરતો નથી, જ્ઞાન-વિરક્તિ—મહિમા કરતો નથી તે ક્યાંક અટકે છે. અંતરમાંથી તાલાવેલી લાગવી જોઈએ કે પોતે ક્યાંય ન અટકતાં પોતામાં ચાલ્યો જાય. તેટલી અંદરથી લગની લાગવી જોઈએ.

દૃષ્ટિ અંતરમાં થંભતી નથી અને પર તરફથી છૂટતી નથી તેનું કારણ પોતાનું છે. પોતાનો આશ્રય પ્રબળપણે લે અને પરનો આશ્રય છોડી દે તો નિરાલંબન થઈ જાય. પોતાના આશ્રયનું જોર થાય તો પરનો આશ્રય છૂટી જાય છે, પણ પોતે છોડે તો છૂટે. દ્રવ્યને ગ્રહણ કર્યું નથી—તેથી પર્યાયમાં બધે અટકેલો છે. બીજા તરફથી પાછો હઠે તો પલટો થાય, તે પોતાના પુરુષાર્થથી થાય છે.

*પ્રશ્ન* :—પર્યાયમાં અટક્યો છે તેના માટે શું કરવું?

**સમાધાન** :—બહારમાં સર્વસ્વ નથી, જ્ઞાયકમાં જ બધું છે તેમ પોતે દૃઢતા કરવી. ભલે પ્રથમ બુદ્ધિપૂર્વક વિચાર કરીને દૃઢતા કરે, પણ અંદરથી પલટો ખાવામાં વિશેષ તૈયારી થવી જોઈએ તો પરિણતિ પલટો ખાય. બુદ્ધિમાં દૃઢતા આવે, પણ પરિણતિ જ્યાં સુધી પલટો ખાતી નથી ત્યાં સુધી કચાશ છે. પરિણતિ પરના એકત્વ તરફ ઢળી રહી છે, તે પોતાની કચાશ છે. બુદ્ધિમાં નિર્ણય કરે કે મહિમાવંત જ્ઞાયક આત્મા છે, સુખ પણ આમાં છે, બહારમાં સુખ

પુદ્‌ગલકરમ જીવ જો કરે, એને જ જો જીવ ભોગવે,
જિનને અસંમત દ્વિક્રિયાથી અભિન્ન તે આત્મા ઠરે. ૮૫.

નથી.—આમ નિર્ણય સુધી પોતે આવે છે, પણ પરિણતિ પલટો ખાતી નથી, તે કચાશ છે. વારંવાર જ્ઞાયકની તરફ પરિણતિ રહ્યા કરે તો પલટો ખાય, પરંતુ જ્ઞાયક તરફ પરિણતિ ટકે ક્યારે? કે પોતા તરફ રહેવાની જરૂરિયાત લાગે તો જ્ઞાયક તરફ પરિણતિ ટકે. ગુરુદેવે બધાને ગ્રહણ થાય તેવું ચોખ્ખું કરી દીધું છે, આખો માર્ગ ચોખ્ખો કરીને બતાવી દીધો છે.

*પ્રશ્ન* :—''तत्प्रति प्रीतिचित्तेन येन वार्ता पि हि श्रुता'' આમાં શું કહેવું છે?

**સમાધાન** :—રુચિપૂર્વક વાતો સાંભળે છે તે 'ભાવિ નિર્વાણ ભાજનમ્'. આ વાત અંતરથી રુચિપૂર્વક સાંભળે છે તેની પરિણતિ પલટો ખાધા વગર રહેવાની જ નથી અને તે 'ભાવિ'—ભવિષ્યમાં નિર્વાણનું ભાજન થાય છે. પોતે પુરુષાર્થ કરીને પલટો ખાવાનો છે. જે જિજ્ઞાસુ હોય તેને એમ આવે છે કે મારી પરિણતિ કેવી રીતે પલટો ખાય, એમ તેને પોતાને પુરુષાર્થ કરવાની ભાવના રહે છે.

*પ્રશ્ન* :—શાસ્ત્ર વાંચવાથી ખોટી હૂંફ કે ઓથ ન આવી જાય?

**સમાધાન** :—શાસ્ત્ર વાંચવાથી ખોટી ઓથ આવી જાતી નથી, પણ તેની સાથે પરિણતિમાં કેમ પલટો થાય? કેમ પુરુષાર્થ કરું? કેવી રીતે થાય? એવી ભાવના-લગની લગાડનાર પલટો ખાય છે. પછી ક્યારે પલટો ખાય તે તેની યોગ્યતા પ્રમાણે છે. પણ ભાવના તો એમ રહે કે કેવી રીતે પુરુષાર્થ કરું, પુરુષાર્થ કેમ થાય—આ રીતે પુરુષાર્થ કરવાની જ ભાવના રહે તો પલટો થાય.

*પ્રશ્ન* :—જ્ઞાયકની રુચિ થતાં સ્વ–પરનો વિવેક શું યથાર્થ આવે?

**સમાધાન** :—જ્ઞાયકની રુચિ યથાર્થ હોય તો તેનો વિવેક પણ યથાર્થ હોય છે. સ્વ-પરનો વિવેક કરી, યથાર્થ જ્ઞાન કરે તો યથાર્થ માર્ગ ગ્રહણ થાય. જેની રુચિ યથાર્થ તેનું બધું યથાર્થ. આત્મા સ્વભાવે પૂર્ણ છે. તેની યથાર્થ રુચિ થતાં જ્ઞાન પણ યથાર્થ થાય છે.

મુમુક્ષુઃ—નિમિત્તનો વિવેક યથાર્થ આવે!

બહેનશ્રીઃ—હા, નિમિત્તનો વિવેક યથાર્થ આવે, સ્વભાવનું ગ્રહણ થતાં બધું આવે, નિશ્ચય-વ્યવહારની સંધિ જેમ છે તેમ આવે.

*પ્રશ્ન* :—સ્વભાવની રુચિવાળા જીવને વિવેક એક પ્રકારનો રહેતો હશે કે કોઈ વખત વિપરીતતા આવે અને કોઈ વખત યથાર્થતા રહેતી હશે?

**સમાધાન** :—અનુભવ પહેલાંની રુચિવાળાને એવો નિયમ નથી હોતો. જો સમ્યક્ધારા હોય એટલે કે જેને જ્ઞાન સમ્યક્ હોય તેને સદા વિવેક યથાર્થ હોય ને તે પહેલાંની રુચિવાળાને રુચિમાં કંઈક મંદતા આવી જાય તો વિવેકમાં જુદું આવી જાય. રુચિ યથાર્થ રહ્યા કરે તો વિવેક પણ યથાર્થ રહે ને રુચિમાં ફેરફાર થાય તો વિવેકમાં પણ ફેરફાર થાય.

## બાળ વિભાગ

# સુકોશલ–રાજકુમારનો વૈરાગ્ય

રાજા કીર્તિધર સૂર્યગ્રહણ દેખીને દીક્ષા લેવા તત્પર થાય છે. પરંતુ મંત્રીગણના કહેવાથી તેઓ કહે છે કે પુત્રજન્મના સમાચાર સાંભળતા જ દીક્ષા લઈ લઈશ. એક દિવસ રાણીએ એક પુત્રને જન્મ આપ્યો તે સાંભળતા તેનો રાજ્યાભિષેક કરી દીક્ષા લે છે. એક દિવસ તેઓ પોતાના રાજ્યમાં આવે છે ત્યારે રાણીના કહેવાથી સૈનિક તેમને પ્રવેશતા રોકે છે. આ જોઈ સુકોશલ ધાયમાતાને પૂછે છે......

મા, આ બધું શું છે ? પેલા મહાપુરુષ કોણ છે ? તેને નગરીમાં કેમ નથી આવવા દેતા ? ને તેને દેખીને તું કેમ રડે છે !!

કુંવરનો પ્રશ્ન સાંભળતાં ધાવમાતાનું હૈયું એકદમ ભરાઈ આવ્યું ને રોતાં-રોતાં તેણે કહ્યું : બેટા ! એ મહાપુરુષ બીજું કોઈ નહિ—પણ તારા પિતા જ છે. તેઓ આ અયોધ્યા નગરીના મહારાજા કીર્તિધર પોતે છે ને સાધુ થયા છે. અરે, એક વખતના આ રાજ્યના સ્વામી, તેમના આ સેવકો તેમના જ રાજ્યમાં આજે તેમનો જ અનાદર કરી રહ્યા છે ! આ અયોધ્યાનગરીના રાજમહેલમાં કદી કોઈ સાધુનો અનાદર નથી થયો; એને બદલે આજે, સાધુ થયેલા મહારાજાનો જ અનાદર રાજમાતા દ્વારા થઈ રહ્યો છે : રાજમાતા પોતાના સ્વામીને, અને સાધુને મેલોઘેલો ભિખારી જેવો કહીને તીરસ્કાર કરી રહી છે.


ધાવમાતા સુકોશલકુમારને કહે છે : બેટા, તું નાનો બાળક હતો ત્યારે જ વૈરાગ્ય પામીને તારા પિતા જૈનસાધુ થયા છે, ને તે સાધુ મહાત્મા જ અત્યારે આ નગરીમાં પધારી રહ્યા છે...આહાર માટે પધારેલા મુનિ આપણા આંગણેથી કદી પાછા ગયા નથી અને પુત્રને રાજ્ય સોંપીને દીક્ષા લઈને આત્મકલ્યાણ કરે એવી પરંપરા તો અસંખ્ય પેઢીથી આપણા વંશમાં ચાલી આવી છે, અને તે પદ્ધતિ અનુસાર તારા પિતાએ તને રાજ્ય સોંપીને જિનદીક્ષા લીધી છે.

—આમ ધાવમાતાએ કહ્યું : તે સાંભળતાં જ સુકોશલકુમાર આશ્ચર્ય પામ્યો : અરે, આ તો મારા પિતાજી ! એ ભિખારી નથી પણ ભગવાન છે. મહાભાગ્યે આજે મને તેમનાં દર્શન થયા.— એમ કહેતો તે રાજકુમાર, માથે મુગટ કે પગમાં પાવડી પણ પહેર્યા વગર, ઉઘાડે માથે ને ઉઘાડે પગે નગર બહાર મુનિરાજ તરફ દોડ્યો.... પિતા પાસે ધર્મનો વારસો લેવા દોડ્યો. જાણે કે સંસારનાં બંધન તોડીને મુક્તિ તરફ દોડતો હોય !—એમ મુનિરાજ પાસે પહોંચ્યો....ને તેમના ચરણોમાં નમી પડ્યો.... આંખમાંથી આંસુની ધારા

> જીવભાવ, પુદ્‌ગલભાવ—બન્ને ભાવને જેથી કરે,
> તેથી જ મિથ્યાદષ્ટિ એવા દ્વિક્રિયાવાદી ઠરે. ૮૬.

વહેવા લાગી. પિતાજી! ક્ષમા કરો...પ્રભુ! મેં આપને ઓળખ્યા નહિ. હવે મને આ સંસારબંધનથી છોડાવો...

શ્રી કીર્તિધર મુનિરાજે કહ્યું : હે વત્સ! આ અસાર સંસારમાં બધા સંયોગ ક્ષણભંગુર છે. તેના ભરોસે શું રહેવું? આ સારભૂત આત્મતત્ત્વ જ આનંદથી ભરેલું છે, તેની સાધના સિવાય બીજું કોઈ શરણ નથી....આમ વૈરાગ્ય-ભરપૂર ધર્મોપદેશ આપ્યો.



ધર્મપિતા પાસેથી એ ઉપદેશ સાંભળીને રાજકુમાર સુકોશલનું ચિત્ત ઘણું તૃપ્ત થયું...આવા અસાર સંસારથી તેનું મન ઊઠી ગયું...ને શાંતચિત્તે વિનયપૂર્વક હાથ જોડીને પ્રાર્થના કરી : પ્રભો! મને પણ જિનદીક્ષા આપીને આપના જેવો બનાવો! હું મોહનિદ્રામાં સૂતો હતો તેમાંથી આપે મને જગાડ્યો...આપ જે મોક્ષસામ્રાજ્યને સાધી રહ્યા છો...મને પણ તે મોક્ષસામ્રાજ્ય આપો!—આમ તે રાજકુમાર ત્યાં જ દીક્ષા લેવા માટે તૈયાર થયો.

એવામાં ત્યાં રાજમાતા સહદેવી, તેની ગર્ભવતી રાણી—વિચિત્રમાળા, તેમજ મંત્રી વગેરે આવી પહોંચ્યા....તેમણે રાજકુમારને કહ્યું કે—કુંવરજી! તમે ભલે દીક્ષા લેજો...પણ હમણાં રોકાઈ જાવ. તમારા વંશમાં એવો રીવાજ ચાલ્યો આવે છે કે પુત્ર મોટો થાય તેને રાજ સોંપીને પછી રાજા દીક્ષા લ્યે છે...માટે તમે પણ રાણી—વિચિત્રમાળાનો બાળક મોટો થાય ત્યારે તેને રાજ સોંપીને પછી દીક્ષા લેજો...

ત્યારે રાજકુમારે કહ્યું : જ્યાં વૈરાગ્યદશા જાગી ત્યાં સંસારના કોઈ બંધન પાલવે નહિ. છતાં આ વિચિત્રદેવીના ગર્ભમાં જે બાળક છે તેને રાજતિલક કરીને હું રાજ્ય સોંપું છું—એમ કહી, ત્યાં ને ત્યાં ગર્ભસ્થબાળકને અયોધ્યાનું રાજ્ય સોંપીને, તે સુકોશલકુમારે પોતાના પિતા કીર્તિધર મુનિ પાસે જિનદીક્ષા લીધી...પિતા સાથે પુત્ર પણ સંસારના બંધન તોડી મોક્ષપંથે ચાલવા લાગ્યો. કલૈયો કુંવર રાજવૈભવ છોડીને મોક્ષના આત્મવૈભવને સાધવા લાગ્યો...ક્ષણ પહેલાંનો રાજકુમાર અત્યારે મુનિ થઈને આત્મધ્યાનમાં શોભી રહ્યો છે. ધન્ય તેનું આત્મજ્ઞાન....ધન્ય તેનો વૈરાગ્ય! રાજકુમાર સુકોશલના વૈરાગ્યની વાર્તા પૂરી થઈ.

**મિથ્યાત્વ જીવ અજીવ દ્વિવિધ, એમ વળી અજ્ઞાન ને**
**અવિરમણ, યોગો, મોહ ને ક્રોધાદિ ઉભયપ્રકાર છે. ૮૭.**

## શ્રી વર્ધમાન-સુરેન્દ્ર-લીંબડી-જોરાવરનગર સંયુક્ત મુમુક્ષુ સંઘ દ્વારા આયોજિત

# પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના
# ૧૦૯મા મંગલ જન્મોત્સવની ઉજવણી સાનંદ સંપન્ન

(તા. ૯-૮-૨૦૨૨ મંગળવારથી તા. ૧૩-૮-૨૦૨૨ શનિવાર)

આપણા પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના અધ્યાત્મસાધનાતીર્થ સુવર્ણપુરીમાં શ્રી વર્ધમાન-સુરેન્દ્ર-લીંબડી-જોરાવરનગર સંયુક્ત મુમુક્ષુ સંઘ દ્વારા આયોજિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીનો ૧૦૯મો મહામંગલકારી જન્મોત્સવ અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. મુમુક્ષુ ભાઈ-બહેનોને આ ઉત્સવ ઉજવવાનો ઉત્સાહ ઘણો હતો. મહોત્સવના પ્રથમ દિવસે સુવર્ણપુરી સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના માંગલિક અને 'તું પરમાત્મા છો'ની વાણીથી ગુંજી ઉઠી તથા ધર્મમાતા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાથી મહોત્સવનો શુભારંભ થયો.

## ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

જન્મજયંતી ઉત્સવ માટે શ્રી સિદ્ધચક્ર વિધાન પૂજાનું આયોજન પરમાગમમંદિરની આગળ ઈશાન દિશામાં પૂજન મંડપમાં કરવામાં આવ્યું હતું. પૂજન મંડપમાં સિદ્ધચક્રનું માંડલુ મૂકવામાં આવ્યું હતું. તથા વિધિ અધ્યક્ષ ધાતકીખંડના ભાવી તીર્થંકરને બિરાજમાન કરવામાં આવ્યા હતા. આ મહાપૂજન નિમિત્તે તા. ૮-૮-૨૦૨૨ના રોજ સવારે ગુરુદેવશ્રીના પ્રવચન પશ્ચાત્ નાંદિવિધાન કળશની વિધિ સ્વાધ્યાયમંદિરમાં કરવામાં આવી હતી, ત્યારબાદ પૂજન મંડપમાં ઘટસ્થાપન તથા અખંડ દીપ પ્રજ્વલિત કરવામાં આવેલ. આ વિધાન પૂજા આદરણીય બ્ર. વજુભાઈ સાહેબના માર્ગદર્શનમાં સમયસર પૂર્ણ કરવામાં આવેલ હતી. આયોજક દ્વારા મુમુક્ષુઓ માટે પૂજનની ખૂબ જ સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ હતી. આ મહાપૂજનનો મુમુક્ષુઓમાં પણ અનેરો ઉત્સાહ જોવામાં આવ્યો હતો.

મહોત્સવના દિવસોમાં સવારે ૬.૦૦ થી ૬.૨૦ પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, ૭.૩૦ થી ૯ સિદ્ધચક્ર પૂજા, ૯.૧૫ થી ૧૦.૧૫ પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસારજી ઉપર સીડી પ્રવચન ત્યારબાદ ૧૦.૩૦ થી ૧૧.૪૫ સિદ્ધચક્ર પૂજા, બપોરે પૂજ્ય બહેનશ્રીના વચનામૃત ઉપર સીડી પ્રવચન, જિનેન્દ્ર ભક્તિ, ત્યારબાદ પાવરપોઈન્ટ પ્રોગ્રામ દ્વારા સિદ્ધચક્ર પૂજન મહત્વતા, સાંજે સાંજી ભક્તિ, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન ત્યાર બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

ઉત્સવના પ્રથમ દિવસે તા. ૯-૮-૨૦૨૨ના રોજ બપોરે જિનેન્દ્ર ભક્તિ બાદ પૂજ્ય બહેનશ્રી જન્મધામની પ્રતિકૃતિનું ઉદ્‌ઘાટન ટ્રસ્ટીમંડળ તથા આયોજકો દ્વારા કરવામાં આવેલ.

આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રથમ દિવસે સોનગઢના મુમુક્ષુઓ તથા કહાન શિશુવિહારના બાળકો, બીજા દિવસે વઢવાણ ભજનમંડળી દ્વારા ભક્તિગંગા તથા ત્રીજા અને ચોથા દિવસે શાંતિનાથ જિનાલય સુરેન્દ્રનગર દ્વારા તત્ત્વચર્ચા, આદિ પ્રોગામો ખૂબ જ સુંદર રીતે રજૂ કરવામાં આવ્યા હતા.

## ભવ્ય રથયાત્રા

મહોત્સવના ચોથા દિવસે શ્રી ધાતકીખંડના ભાવિ તીર્થંકર ભગવાનની રથયાત્રાનું આયોજન થયું હતું. ભગવાનના મંગળ રથ સાથે વિવિધ બગીઓ અને પારણાઝુલનનો ફ્લોટ પણ સામેલ હતો.

આ રથયાત્રામાં આબાલ-વૃદ્ધ ભાઈઓ તથા બહેનો ભક્તિરસમાં તન્મય થઈને નૃત્ય કરતાં કરતાં ભાવવાહી ભજનો ગાતાં હતાં.

**❋ જન્મ મહોત્સવ શ્રાવણ વદ-૨નો અભૂતપૂર્વ કાર્યક્રમ ❋**

પરમોપકારી પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રીનાં મહામંગળકારી જન્મ દિવસે વહેલી સવારે દેવ-શાસ્ત્ર-ગુરુદર્શન તથા પૂજ્ય બહેનશ્રીની ચર્ચા રાખવામાં આવી હતી. ત્યારબાદ શ્રી સિદ્ધચક્ર વિધાનનું સમાપન, પૂજ્ય ગુરુદેવશ્રીનું કલ્યાણકારી સીડી પ્રવચન, પછી વિવિધ પ્રાસંગિક જાહેરાત થઈ હતી. જેમાં મુખ્ય જંબૂદ્વીપ-બાહુબલી મુનિન્દ્ર પ્રતિષ્ઠા સંબંધી જાહેરાત તથા અન્ય જાહેરાતો થઈ હતી. ઉત્સવના મુખ્ય દિવસે પૂજ્ય બહેનશ્રી દ્વારા સ્વાધ્યાયમંદિરમાં સમયસારની સ્થાપના આધારિત સ્ટેજ શણગારવામાં આવ્યું હતું. આ પ્રસંગે બહેનો દ્વારા પૂજ્ય બહેનશ્રીની સમયસાર લાવતાની પ્રતિકૃતિ સ્ટેજ ઉપર લાવવામાં આવેલ. આ પ્રસંગે ભજનમંડળી દ્વારા સ્વાગતગીત પ્રસ્તુત કર્યું હતું. આ પ્રસંગે મુમુક્ષુઓનો ખૂબ જ ઉત્સાહ દેખાતો હતો. ત્યારબાદ વધામણાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુમુક્ષુઓએ ઉલ્લાસથી માતાજીને વધાવ્યા હતા.

ઉત્સવ દરમ્યાન સાંજે વિવિધ મંડળો દ્વારા મંડપમાં સાંજીભક્તિનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભજનમંડળી તેમજ વિવિધ મંડળોની મહિલાઓ દ્વારા ભક્તિ સહ નૃત્ય, ગરબા આદિ પ્રસ્તુત કર્યા હતા. મહોત્સવના ચાર દિવસ રાત્રિના વિવિધ મંડળો દ્વારા નાટક, નૃત્યનાટિકા, નૃત્ય આદિ રોચક સાંસ્કૃતિક કાર્યક્રમનું પ્રસ્તુત થયા હતા. ઉત્સવના દરેક કાર્યક્રમોમાં મુમુક્ષુભાઈ-બહેનો અત્યંત ઉલ્લાસથી ભાગ લેતા હતા.

મહોત્સવ ઉજવવાનો આયોજક શ્રી વર્ધમાન-સુરેન્દ્ર-લીંબડી-જોરાવરનગર સંયુક્ત મુમુક્ષુ સંઘનો ઉત્સાહ ખૂબ જ પ્રશંસાપાત્ર હતો. આયોજકો દ્વારા મુમુક્ષુઓ માટે આવાસ તથા ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ મહોત્સવનો સમગ્ર ખર્ચ આયોજક તરફથી આપવામાં આવ્યો હતો.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ : | શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

## વૈરાગ્ય સમાચાર :–

* સોનગઢ-કોલકાતાના મુમુક્ષુ શ્રીમતી અરૂણાબેન છબીલભાઈ શાહનું તા. ૪-૬-૨૦૨૨ ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* લાઠી નિવાસી (હાલ વિલેપાર્લે) શ્રી મનહરલાલ પોપટલાલ પારેખ (ઉં.વ. ૭૮)નું તા. ૫-૭-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* મુંબઈ નિવાસી શ્રીમતી પ્રતિમા સંઘવી (ઉ.વ. ૬૯)નું તા. ૫-૭-૨૦૨૨ ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* પાર્લા-મુંબઈ નિવાસી શ્રી મધુકાંત કે દોશીનું તા. ૧૧-૭-૨૦૨૨ ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* રાજકોટ નિવાસી (મૂળ મોરબી-વાંકાનેર) શ્રી મનોજભાઈ નગીનદાસ શેઠ (ઉ.વ. ૬૦)નું તા. ૧૩-૭-૨૦૨૨ના રોજ દેવ-ગુરુ-શાસ્ત્રના સ્મરણપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે.
* રાયપુર નિવાસી શ્રીમતી રમાબેન મહેન્દ્રભાઈ કોઠારીનું તા. ૧૭-૭-૨૦૨૨ ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* રાજકોટ નિવાસી શ્રીમતી સુધાબેન રસિકલાલ શાહ (ઉ.વ. ૬૪)નું ૧૮-૭-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* સોનગઢ નિવાસી મુક્તાબેન નવલચંદભાઈ શાહ (ઉ.વ. ૯૬)નું તા. ૨૧-૭-૨૦૨૨ના રોજ શાંત પરિણામપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે.
* મલાડ નિવાસી શ્રી ધીરજલાલ ભાઈલાલ ડેલીવાળા (ઉ.વ. ૯૮)નું તા. ૨૧-૭-૨૦૨૨ના રોજ ક્ષમાપના પાઠ સાંભળતા દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ-મલાડના સ્થાપત્ય ટ્રસ્ટી હતા.
* કતારગામ-સુરત નિવાસી બા.બ્ર. સરોજબેન રતિલાલ શાહનું તા. ૨૧-૭-૨૦૨૨ના રોજ શાંતપરિણામપૂર્વક દેહ પરિવર્તન થયેલ છે.
* બોરીવલી નિવાસી શ્રી વસંતભાઈ રતિલાલ શાહ (—તેઓશ્રી હીરાચંદ માસ્તરના પૌત્ર) (ઉ.વ. ૮૨) તા. ૨૪-૭-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* શહપુરા (મ.પ્ર) નિવાસી શ્રીમતી રાજલક્ષ્મી જૈન (તેઓ રોહિતભાઈના માતુશ્રી) તા. ૨૫-૭-૨૦૨૨ ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* કોલકાતા નિવાસી ઈન્દિરાબેન મનસુખલાલ શાહ (-તેઓ પં. પ્રકાશભાઈના માતુશ્રી)નું તા. ૨૬-૭-૨૦૨૨ ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* દાહોદ નિવાસી (હાલ વડોદરા) લોકપ્રકાશ ગેંદાલાલ શાહ (ઉ. વ. ૭૪)નો તા. ૩૧-૭-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે. તેઓ ઘણા વર્ષોથી સોનગઢ આવીને લાભ લેતા હતા.
* નવરંગપુરા-અમદાવાદ નિવાસી ઉર્મિલાબેન સુરેશભાઈ દેસાઈ (ઉ.વ. ૭૯) નું તા. ૧૪-૮-૨૦૨૨ના રોજ દેહપરિવર્તન થયેલ છે.
* વાંકાનેર નિવાસી (હાલ ઘાટકોપર) સુષ્માબેન છગનલાલ મહેતા તા. ૩-૮-૨૦૨૨ના દિને દેહપરિવર્તન થયેલ છે.
* શ્રી દિલીપભાઈ (જૂની ભોજનાલયના મેનેજર)નું તા. ૧૮-૮-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

## (૧૦૯)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા પૂરો)

નીચે આપેલ પ્રશ્નોના જવાબ સાચો જવાબ કૌંસમાં આપેલ વિકલ્પમાંથી લખો.

(૧) ભવ્ય જીવ માટે સંસાર ............... છે. (સાદિસાંત, અનાદિ અનંત, અનાદિસાંત)

(૨) અભવ્ય જીવ માટે સંસાર ............ છે. (સાદિસાંત, અનાદિ અનંત, અનાદિસાંત)

(૩) ભવ્ય જીવને માટે મોક્ષ ............... છે. (સાદિસાંત, સાદિ અનંત, અનાદિ અનંત)

(૪) જીવનો કાળ ................. છે. (અનાદિ અનંત, સાદિ અનંત, સાદિસાંત)

(૫) ભવ્ય જીવ માટે આસ્રવતત્ત્વનો કાળ ................. છે. (સાદિઅનંત, અનાદિસાંત, સાદિસાંત)

(૬) અભવ્ય જીવ માટે આસ્રવતત્ત્વનો કાળ ............. છે. (સાદિસાંત, અનાદિ અનંત, સાદિઅનંત)

(૭) સાધક જીવ માટે સંવરતત્ત્વનો કાળ ....... છે. (સાદિઅનંત, સાદિસાંત, અનાદિઅનંત)

(૮) સાધક જીવ માટે નિર્જરાતત્ત્વનો કાળ ..... છે. (સાદિસાંત, અનાદિસાંત, સાદિઅનંત)

(૯) ઈન્દ્રિયસુખનો કાળ ............ છે. (અનાદિ અનંત, સાદિસાંત, સાદિઅનંત)

(૧૦) મોક્ષ સુખનો કાળ ................ છે. (સાદિઅનંત, અનાદિ અનંત, અનાદિસાંત)

(નીચેના પ્રશ્નો શ્રી જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા ભાગ ૧-૨, પ્રકરણ-૪ અજીવ અધિકારના આધારે છે.)

(૧૧) દૂધ, દહીં અને છાસ આ ત્રણ વર્તમાન ચીજ છે તેમાં .................... છે. (પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ, અત્યંતાભાવ)

(૧૨) તેજસ શરીર અને કાર્મણ શરીરની વચ્ચે ................... છે. (અન્યોન્યાભાવ, પ્રાગભાવ, અત્યંતાભાવ)

(૧૩) ઈચ્છા અને ભાષાની વચ્ચે .............. છે.(અત્યંતાભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ)

(૧૪) ચશ્મા અને જ્ઞાનની વચ્ચે .............. છે. (પ્રાગભાવ, અત્યંતાભાવ, પ્રધ્વંસાભાવ)

(૧૫) શરીર અને વસ્ત્રની વચ્ચે .......... છે. (અત્યંતાભાવ, અન્યોન્યાભાવ, પ્રધ્વંસાભાવ)

(૧૬) કુંભાર અને ઘડાની વચ્ચે .............. છે. (અન્યોન્યાભાવ, પ્રાગભાવ, અત્યંતાભાવ)

(૧૭) જીવ અને પુસ્તકની વચ્ચે .......... છે. (પ્રધ્વંસાભાવ, અત્યંતાભાવ, અન્યોન્યાભાવ)

(૧૮) ઘડો બનાવવાનું સાધન ચાક અને દંડની વચ્ચે ................ છે. (અત્યંતાભાવ, અન્યોન્યાભાવ, પ્રાગભાવ)

(૧૯) અત્યંત અભાવ ............ દ્રવ્યોમાં લાગુ પડે છે. (છ દ્રવ્ય, જીવ દ્રવ્ય, પુદ્ગલ દ્રવ્ય)

(૨૦) ચારે અભાવ ....... દ્રવ્યમાં લાગુ પડે છે. (જીવ દ્રવ્ય, પુદ્ગલ દ્રવ્ય, આકાશ દ્રવ્ય)

## (૧૦૯)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની બીજી ઢાળમાંથી મળશે.)

(૧) મુક્ત જીવો ............. માં રહે છે અને દરેક જીવ જુદા જુદા પોતપોતાના ............. માં જ રહે છે.

(૨) સર્વ જીવ છે ............ સમ, જે ............. તે થાય.

(૩) ............. તે મોક્ષનું સાધન નથી.

(૪) જીવે પૂર્વે કદી ............, .............. અને ................ નું સેવન કર્યું નથી.

(૫) શુક્લ લેશ્યા .............. ને હોય, શુક્લધ્યાન ................ ને જ હોય.

(૬) કુદેવ-કુગુરુ-કુધર્મથી ................. પુષ્ટ થાય.

(૭) કુગુરુ ................. જેવા છે. ................. ડૂબે અને એનો આશ્રય લેનારા પણ ..............

(૮) .............. દેવ-ગુરુ-ધર્મને ઓળખીને તેનું સેવન કરવું તે .................. નું મૂળ છે.

(૯) જૈનધર્મનું ગુરુપદ મહાન પવિત્ર ................ પદ છે.

(૧૦) જીવ પોતાના ............... થી સંસારમાં ડૂબે છે.

(૧૧) મહાવીરનો માર્ગ .................. છે.

(૧૨) .............. નો રસ છોડીને ............. ભાવને આદરે ત્યારે અરિહંતને ખરા નમસ્કાર થાય.

(૧૩) ................ જીવ અરિહંતના સાચા સ્વરૂપને ઓળખતો નથી.

(૧૪) રાગથી જુદો પડી પોતાના તરફ વળે ત્યારે ............નું સ્વરૂપ ઓળખાય.

(૧૫) જે વીર થઈને ............. માર્ગને સાધે તે મહાવીરને જાણે છે.

(૧૬) વસ્ત્રવાળા સાધુ માનીએ તો ............. અને કુગુરુ સેવનનો દોષ લાગે.

(૧૭) મિથ્યાદષ્ટિપણે ................... ઉપર ઉપસર્ગ કર્યો તેથી રાજા શ્રેણિકે ...........નું આયુષ્ય બાંધ્યું.

(૧૮) શ્રેણિક રાજાએ સમ્યક્દર્શન પામી ............. પ્રભુના ચરણોમાં ............. ભાવના ભાવી તીર્થંકર નામકર્મ બાંધ્યું.

(૧૯) રામચંદ્રજી અને હનુમાનજી ............... થઈને મોક્ષ પામ્યા.

(૨૦) દેવ એટલે ................. પદને પામેલા ભગવાન.

## –: વૈરાગ્ય સમાચાર :–

પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રત્યે અત્યંત અર્પણતા ધરાવનાર ઉભય ધર્માત્માઓના કૃપાપાત્ર, દીર્ઘકાળથી ગુરુદેવશ્રીના શાસનની સેવા કરનાર આત્માર્થી, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી અને મહામંત્રી શ્રી જિતેન્દ્ર વૃજલાલ શાહ (ઉ.વ. ૮૦)ની તા. ૨૨-૭-૨૦૨૨ના રોજ આ દુર્લભ મનુષ્યપર્યાયથી ચિરવિદાય થઈ છે. આત્માર્થી શ્રી જિતુભાઈ પૂજ્ય બહેનશ્રીના ભત્રીજા, શ્રી વજુમામાના દીકરા તથા પંડિતરત્ન શ્રી હિંમતભાઈના ભત્રીજા થતા હોવાથી શ્રી જિતુભાઈને નાની ઉંમરથી જ પૂજ્ય ગુરુદેવશ્રીના સત્સંગનો લાભ પ્રાપ્ત થયો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની જન્મજયંતી મહોત્સવો તથા તેઓશ્રીના પ્રભાવના યોગે થતા પંચકલ્યાણક મહોત્સવોની વ્યવસ્થામાં શ્રી જિતુભાઈ તન-મન-ધનથી અર્પાઈ ગયા હતા. બેંગલોર(રાજાજીનગર), શિવપુરી તથા ખંડવાના નૂતન જિનમંદિરો બનાવવામાં તથા તેના પંચકલ્યાણક કરાવવામાં વિશેષપણે અમૂલ્ય ફાળો હતો. સોનગઢમાં જન્મજંયતીઓના ડેકોરેશન તથા સુશોભન તેઓ મોડે સુધી જાગી કરાવતા હતા. ડિસેમ્બરમાં ખાસ કરીને બાળકો માટે ''બાળ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર''તેઓએ શરૂ કરાવી હતી. પૂજ્ય ગુરુદેવશ્રીના શાસન પ્રત્યેની અર્પણતા, બાહોશતા, વહીવટી શક્તિને ધ્યાનમાં લઈ તેમને નાની વયે ટ્રસ્ટીપદે નિયુક્ત કરવામાં આવ્યા હતા. સુવર્ણપુરીમાં બાહુબલી ભગવાનના ભવ્ય બિંબનો પથ્થર પસંદ કરવાથી માંડી સોનગઢ લાવવામાં તેમનો મહત્વનો ફાળો હતો. તેઓની નાદુરસ્ત તબિયત હોવા છતાં છેલ્લા સવા મહિનાથી તેઓ સોનગઢમાં આવી રોકાયા હતા. અષ્ટાહ્નિકાપર્વમાં તેઓ સમયસર પૂજનમાં આવતા તથા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાં પણ હાજરી આપતા. તેઓએ જ્ઞાનીઓની અંતરંગ કૃપા સંપાદિત કરી હતી. એ એમની મહામૂલી ઉપલબ્ધિ હતી.

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન ઓગસ્ટ– ૨૦૨૨ના ઉત્તર

(૧) એક
(૨) ભવનવાસી
(૩) ૧. ખરભાગ
૨. પંકભાગ
૩. અબ્બહુલભાગ
(૪) ૮૪
(૫) ચક્રવર્તી – બળદેવ
(૬) ગોળ થાળી
(૭) ૧ રાજુ –
એક લાખ ૪૦ હજાર
(૮) લવણ – બે લાખ
(૯) ધાતકીખંડ–ચાર લાખ
(૧૦) જઘન્ય
(૧૧) ઉત્તમ
(૧૨) વિજયમેરુ – અચલમેરુ
(૧૩) ૧૭૨૧
(૧૪) રોહિત
(૧૫) ૩૦
(૧૬) ૬
(૧૭) ૪૨૭
(૧૮) મંદિર – વિદ્યુન્માલી
(૧૯) ૮
(૨૦) ૮

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ઓગસ્ટ – ૨૦૨૨ના ઉત્તર

(૧) ચૈતન્ય
(૨) સુખ
(૩) જ્ઞાન
(૪) મિથ્યાત્વ
(૫) વીતરાગવિજ્ઞાન
(૬) વીતરાગવિજ્ઞાન
મિથ્યાત્વાદિ
(૭) સંસાર
(૮) મોક્ષ
(૯) શુદ્ધ જ્ઞાનદર્શનમય
(૧૦) વીતરાગ–સુખી
(૧૧) દર્શન-જ્ઞાન-
ચારિત્ર વીતરાગ
(૧૨) નિરાકુળ
(૧૩) વીતરાગવિજ્ઞાન
(૧૪) આત્મા આનંદ
(૧૫) સ્વભાવ સુખી
(૧૬) આત્મા
(૧૭) દુઃખ
(૧૮) સુખ
(૧૯) અજ્ઞાન –
રાગદ્વેષ
(૨૦) રાગ-ધર્મ

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● આત્મધ્યાન સિવાયનું બીજું બધું ઘોર સંસારનું મૂળ છે. એક જ્ઞાનસ્વરૂપ પ્રભુને ધ્યેય બનાવીને ધ્યાન કરવું એ સિવાય બીજું બધું એટલે કે શુભ ને અશુભભાવ ઘોર સંસારનું મૂળ છે. દયા-દાન આદિના રાગથી પણ ભિન્ન આત્માનું ધ્યાન-એ સિવાયનો જે કોઈ વિકલ્પ તે ઘોર સંસારનું મૂળ છે. ૫૨૭.

● (સહજ તત્ત્વ) અંતર પડ્યા વિના, કર્મના વિઘ્ન વિના, રાગના વિઘ્ન વિના નિરંતર સુલભ છે. સહજ તત્ત્વના સતત અભ્યાસે સુલભ છે. ભગવાન આત્મા ચૈતન્ય પ્રકાશનું પૂર છે. આવો મહિમાવંત ચીજનો મહિમા લાવીને અંદર ઉતરતો નથી ને બહારની ચીજમાં અટવાઈ ગયો છે. ૫૨૮.

● ધર્મી જીવે સહજ તત્ત્વ ઉપર દૃષ્ટિ દીધી છે તેને તે વીતરાગતાનું ઘર છે. વીતરાગમૂર્તિમાંથી વીતરાગતા આવે છે. જેના ઘરમાં રાગ નથી પણ સમતાથી ભરેલું ઘર છે, તેના ઉપર દૃષ્ટિ દેતાં તેમાંથી સમતા પ્રગટે છે. આત્મામાં તો એકલી વીતરાગતા ભરી છે, તેમાં જેણે નજર કરી છે, તેને તો તે વીતરાગતાનું ઘર છે. તેમાંથી તેને-સમ્યગ્દૃષ્ટિઓને સમતા પ્રગટે છે. ૫૨૯.

● (આત્માને) ચેતનાગુણમય લીધું છે કેમકે જ્ઞાનની પર્યાયનો અંશ પ્રગટ છે. તેથી ચેતનાગુણમય ત્રિકાળ છે એમ લીધું. આનંદનો અંશ તો જ્યારે સ્વભાવનો આશ્રય લે ત્યારે પ્રગટે પણ ચેતનાનો પર્યાય જે છે તે તો અજ્ઞાનીને પણ વિકારનો અંશ છે તેથી એમ કહ્યું કે ચેતના ગુણમય આખો ભગવાન આત્મા છે. અંતર નજર કરતા ચેતના, ચેતના, ચેતના સ્વભાવ જેનો અનંત અને અપરિમિત સ્વભાવ છે. એ ચેતના ગુણ ઉપર દૃષ્ટિ આપતા રાગથી ભિન્ન પડે, તે એનું સાધન છે. ૫૩૦.

● ચારિત્રની પર્યાય ભલે હીણી થઈ ગઈ છતાં ત્યાં રાગથી ભિન્નપણાનો જે ઉપયોગ (પરિણમન) જ્ઞાનને લક્ષે થયો તે ઉપયોગમાં હીનપણું (નાશ થવું) થતું નથી. એ ઉપયોગ તો સ્વર્ગમાં સર્વાર્થસિદ્ધિમાં જાય ત્યાં પણ સાથે જ જાય છે. સ્વના આશ્રયે પ્રગટેલો જે ઉપયોગ છે તે, ચારિત્રવંત હોય અને ચારિત્ર ખલાસ થઈ જાય છતાં તેને કાંઈ હીનપણું થતું નથી. કર્મ મને ઢાંકી દે એમ તો નહિ પણ બીજા ગુણની પર્યાય હીણી થઈ માટે આ ઉપયોગ હણાઈ જાય—એમ પણ નથી. ૫૩૨.

આત્મધર્મ
સપ્ટેમ્બર-૨૦૨૨
અંક-૧ ● વર્ષ-૧૭

Posted at Songadh PO
Publish on 1-9-2022
Posted on 1-9-2022

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org